# SANTA CLARA કાઉન્ટી
# ચૂંટણી વહીવટ યોજના

# વિષય સૂચિ


પ્રસ્તાવના ........ 4
ભાગ 1 – ચૂંટણી વહીવટ યોજના ........ 6
વોટ-બાય-મેલ (VBM) પ્રક્રિયા ........ 6
મેલ થકી સુલભ મતદાન ........ 7
બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો ........ 8
મત કેન્દ્રો ........ 10
મતદાર નોંધણી ........ 11
પૂરક મતપત્ર ........ 12
કામચલાઉ મતદાન ........ 12
મત કેન્દ્રોમાં સુલભ મતદાન ........ 13
ભાષાકીય સહાય ........ 14
મત કેન્દ્ર નિયુક્તિ વિચારણા ........ 15
ચૂંટણી અધિકારીઓનું બંધારણ ........ 15
ઇલેક્ટ્રોનિક પોલબુક્સ (E-પોલબુક્સ) ........ 16
આઉટરીચ ........ 17
જાહેર પરામર્શ ........ 17
ચૂંટણી વહીવટ યોજના (EAP) વિકાસ સમયરેખા ........ 18
જાહેર સૂચનાઓ ........ 19
ભાષા સુલભતા અને મતદાન સુલભતા સલાહકાર સમિતિઓ ........ 19
ભાગ 2 - મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના ........ 21
વિભાગ 1: મતદાર સંપર્ક - સામાન્ય ........ 21
મીડિયાનો ઉપયોગ ........ 21
સામુદાયિક હાજરી યોજના અને મતદાતા શિક્ષણ સામગ્રીઓ ........ 23
સીધા મેઇલર્સ ........ 23
ROV વેબસાઇટ પર મતદાર શિક્ષણ સંસાધનો ........ 24
વિભાગ 2: મતદાર સંપર્ક – ભાષાકીય લઘુમતી સમુદાયો ........ 24
ભાષા લઘુમતી સમુદાયની ઓળખ કરવી ........ 24
ભાષાકીય લઘુમતી સમુદાયોને સેવા આપવી જોઈએ ........ 24
ભાષાકીય લઘુમતી સમુદાયો માટે મતદાર શિક્ષણ વર્કશોપ ........ 25
ભાષાકીય લઘુમતી સમુદાયોને લક્ષ્યમાં રાખતો મીડિયાનો ઉપયોગ ........ 25
ચૂંટણી અધિકારીઓ ........ 27
વિભાગ 3: મતદાર સંપર્ક – વિકલાંગ મતદારો ........ 27
વિકલાંગ મતદારોની જરૂરિયાતોની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ ........ 27

વિકલાંગ સમુદાયો માટે આઉટરીચ ........................................ 28
વિકલાંગ મતદારો માટે સેવાઓ ........................................ 28
વિકલાંગતા સમુદાય માટે મતદાર શિક્ષણ વર્કશોપ ........................................ 28
વિકલાંગ મતદારોને શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાતી ડ્રાફ્ટ સામગ્રીઓ ........................................ 29
ચૂંટણી અધિકારીઓ ........................................ 29
વિભાગ 4: મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન માહિતી ........................................ 29
મત કેન્દ્ર સ્થાનો ........................................ 29
બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો ........................................ 30
નિવારક પગલાં ........................................ 31
આકસ્મિક ઘટના માટે આયોજન ........................................ 31
વિભાગ 5: મત કેન્દ્ર બૅલટ સુરક્ષા અને ગોપનીયતા આયોજનો ........................................ 32
મત કેન્દ્ર રચના અને લે-આઉટ ........................................ 32
મતદાન સુરક્ષા ........................................ 32
વિભાગ 6 – બજેટ ........................................ 33

# પ્રસ્તાવના

California મતદારની પસંદગી અધિનિયમ (VCA), અથવા સેનેટ બિલ (SB) 450 (Allen, D-26)ને સપ્ટેમ્બર 29, 2016 ના રોજ સહી કરીને કાયદાનું રૂપ અપાયું હતું, જેનાથી કલમ 4005, જે અધિકૃત કાઉન્ટીઓને, તેમના સુપરવાઇઝરોના બૉર્ડની મંજૂરી મળ્યેથી, અમુક ચોક્કસ જરૂરિયાતો સાથે, કોઈપણ ચૂંટણીનું સંચાલન મેલ (ટપાલ) થકી કરવાની પરવાનગી આપે છે, તેનો California ચૂંટણી સંહિતામાં ઉમેરો થયો. VCA હેઠળ, તમામ મતદારોને ચૂંટણીના 29 દિવસ પહેલાં શરુ કરતાં એક મતપત્ર ટપાલથી મોકલવામાં આવશે, તથા દરેક કાઉન્ટી, લોકોની ભલામણો વડે, સમગ્ર કાઉન્ટીમાં અનેક બૅલેટ ડ્રોપ ઑફ સ્થાનો સ્થાપિત કરશે, જ્યાં કાઉન્ટીનો કોઈપણ મતદાર પોતાના મતપત્ર પર મત આપી શકે. આ કાયદો મતદાનના વિકલ્પો વિસ્તારીને મતદાર સહભાગિતા તથા મતદારના સમાવેશને વધારવા માટે થઈને ચૂંટણીઓ સંચાલિત કરવાની રીત બદલવાનો હેતુ ધરાવતા અનેક ચૂંટણી સુધારાઓમાંનો એક હતો.

VCA પૂર્વે, ચૂંટણીઓ પરંપરાગત પોલિંગ પ્લેસ મોડેલ્સ હેઠળ સંચાલિત કરવામાં આવતી હતી. આ મેલ (ટપાલ)-દ્વારા-મત અને પોલિંગ સ્થળ વહીવટનું એક સંયુક્ત મોડલ હતું. ચૂંટણી સંહિતા §12261(a) એ જરૂરી બનાવે છે કે કાઉન્ટી ચૂંટણી અધિકારીઓ, મહત્તમ 1,000 મતદારો વાળું એક અને એક દરેકનું એક ભિન્ન મતદાન સ્થળ હોય તેવા મતદાન અધિકાર ક્ષેત્રોની સ્થાપના કરે (જે કાઉન્ટી અને રાજ્યને દરેક મતદાન અધિકાર ક્ષેત્ર માટે ચૂંટણી પરિણામોનો અહેવાલ કરવા સમર્થ બનાવે તે માટેના આંકાડા તરીકે પણ કામ આપે છે). માત્ર એવા લોકો જેમને શારીરિક મર્યાદાઓ હોય, તેઓ જ કાયમી મેલ-દ્વારા-મત મતદારોની સૂચિમાં હોઈ શકતા; અન્ય કોઈપણ જે મેલ દ્વારા મત આપવા માંગતા હોય તેમણે દરેક ચૂંટણીમાં એક વિનંતી સુપ્રત કરવી પડતી હતી. એવા મતદાર જેણે મેલ દ્વારા મત ન આપ્યો હોય, તેમણે પોતાના ફાળેવલા મતદાન સ્થળ પર, જે તેમના મતદાન અધિકારક્ષેત્ર અને મતપત્ર પ્રકાર માટે ભિન્ન હતું, મત આપવાનો રહેતો.

પછી, 2020 માં California ચૂંટણી સંહિતાએ મેલ-દ્વારા-મતનું વિસ્તારણ કર્યું અને તમામ લોકોને કાયમી મેલ-દ્વારા-મત મતદાર બનવાની પરવાનગી આપી. આ વિસ્તરણે મતદાર વર્તણૂંકમાં ફેરફાર આણ્યો, જ્યાં હવે Santa Clara કાઉન્ટીમાં બહુમતી મતદારો તેમને ફાળવાયેલા મતદાન સ્થળ પર જાતે મત આપવા હાજર રહેવાને બદલે, મેલ દ્વારા મત માટે વિનંતી કરતાં હોય છે. કાયમી મેલ-દ્વારા-મત મતદારો તરીકે નોંધાયા હોય તેમને તેમના મતપત્ર ચૂંટણીના લગભગ 29 દિવસ પહેલાં ટપાલથી મોકલાતાં હોય છે અને તેમની પાસે મતપત્ર પરત કરવા માટે ચૂંટણીના દિવસે મતદાન પૂરું થવા સુધીનો સમય હોય છે, ક્યાં તો પોલિંગ સ્થળે, બૅલેટ ડ્રોપ-ઑફ સ્થાન પર અથવા મેલ દ્વારા.

VCAના અમલીકરણ સાથે, ચૂંટણીઓ એક નવા મત કેન્દ્ર મોડલ હેઠળ યોજવામાં આવશે. નવા મોડેલ સાથે, *દરેક* નોંધાયેલ મતદાર એક મેલ-દ્વારા-મત મતદાર હશે અને નિર્ધારિત ચૂંટણીના 29 દિવસો પહેલાંથી શરુ થતાં, ટપાલ થકી એક આધિકારિક મેલ-દ્વારા-મત મતપત્ર પ્રાપ્ત કરશે. મતદારો તેમનું મતપત્ર ત્રણમાંથી કોઈપણ એક રીતે પરત કરી શકશે: મેલ દ્વારા (ટપાલ ખર્ચ ચૂકવેલ), બૅલેટ ડ્રોપ-ઑફ સ્થાન પર, અથવા કાઉન્ટીમાં કોઈપણ મત કેન્દ્ર પર. મતદારો તેમના મેલ-દ્વારા-મત મતપત્રો પરત ન કરવાનું પણ પસંદ કરી શકે અને તેને બદલે Santa Clara કાઉન્ટીમાં મતદારોના રજિસ્ટ્રાર (ROV) ની કચેરી ખાતે અથવા ***કોઈપણ*** મત કેન્દ્ર ખાતે જાતે મત આપવા માટે એક મતપત્ર પ્રાપ્ત કરી શકે.

મત કેન્દ્ર મોડલમાં હાલના કાયમી મેલ-દ્વારા-મત મતદારો માટે ખાસ કોઈ ફેરફાર નહિ હોય. તે મુખ્યત્વે ખાસ કરીને એવા મતદારો માટે પ્રક્રિયામાં ફેરફાર કરે છે જેઓ ચૂંટણીના દિવસે પોતાનો મત આપવા માટે તેમને ફાળવેલા પોલિંગ સ્થાનની મુલાકાત લેતા હોય. હવે, મતદારો પાસે મત આપવા માટે માત્ર એક જ સ્થાન હોય તેને બદલે, મત કેન્દ્રો કાઉન્ટીમાં નોંધાયેલા ***તમામ*** મતદારો માટે ખુલ્લા રહેશે.

આ ચૂંટણી વહીવટ યોજના (EAP) માં આ ફેરફારથી મતદારોને કેવી અસર થશે તે સમજવા માટે અનિવાર્ય સામગ્રીનો સમાવેશ થાય છે. એક EAP ડ્રાફ્ટ (મુસદ્દો) પૂર્ણ થયે, ROV આ યોજનાને અંતિમરુપ આપતાં પહેલા જાહેર ટિપ્પણી, પ્રતિસાદ અને સૂચનો માંગશે. દરેક અનુગામી સુધારો કરેલો ડ્રાફ્ટ EAP ને જાહેર કરાયા પછી, જાહેર જનતાને EAP, અને મત કેન્દ્રો તથા બૅલેટ ડ્રોપ-ઑફ સ્થાનો તરીકે પસંદ કરેલા સ્થાનો સહિત, સુધારાઓ પર પ્રતિસાદ રજૂ કરવા માટે

એક જાહેર ટિપ્પણી અવધિ પૂરી પાડવામાં આવશે. જાહેર ટિપ્પણી અવધિનું સમાપન થયે, કાઉન્ટીના અંતિમ EAP ને ઔપચારિક રીતે સ્વીકારવામાં આવશે અને California રાજ્ય સચિવ (SOS) ને મંજૂરી માટે સુપ્રત કરવામાં આવશે.

સમુદાય કાઉન્ટી VCA માં ફેરફારોથી પૂરી રીતે જાણકાર રહે તે વધુ સુનિશ્ચિત કરવા માટે, ROV એક મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) અને એક ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) બંનેની સ્થાપના કરશે. VAAC નો હેતુ વરિષ્ઠો અને વિકલાંગ વ્યક્તિઓને ચૂંટણીની પ્રક્રિયાની સુગમતા અંગે સલાહ આપવાનો, વધારામાં સહાય કરવાનો અને ભલામણો પૂરી પાડવાનો છે. VAAC નું ધ્યેય તમામ મતદારોને સ્વતંત્રપણે અને ખાનગી રીતે મત આપવાની તક પૂરી પાડવાનું છે. LAAC નો હેતુ બહુધા અંગ્રેજી સિવાયની કોઈ ભાષા બોલતા હોય તેવા મતદારો દ્વારા ચૂંટણીની પ્રક્રિયા અંગે ભાષા સુલભત સંબંધિત બાબતોમાં સલાહ આપવી, મદદ કરવી અને ભલામણો પૂરી પાડવાનો છે. ભાષા સુલભતા તકોને વધારવામાં મદદરુપ થવું એ LAAC નું ધ્યેય છે. બંને સમિતિઓ ROV ને અગત્યના માર્ગદર્શનની રજૂઆત કરે છે અને કાઉન્ટી માટે મતદાર આઉટરીચ તથા ચૂંટણી વહીવટ બંને માટે મૂળભૂત ઘટકો છે. ROV ક્યાં તો LAAC અથવા તો VAAC માં સભ્યપદ માટે સતત ચાલુ રહેતા ધોરણે અરજીઓ સ્વીકારે છે. બંનેમાંથી કોઈ એક સમિતિના સભ્યપદ માટે અરજી કરવા, અરજીઓ ROV ની વેબસાઇટ: www.sccvote.org/voterschoice પર મળી શકે છે.

ROV રહીશોને VCA અને સામુદાયિક સમાવેશ તકો વિશે જણાવવા માટે પોતાના મતદાર શિક્ષણ કાર્યક્રમને વિસ્તારવા માટે એક મતદાર શિક્ષણ અને આઉટરીચ ગઠબંધન (VEOC) સ્થાપવાની યોજના પણ ધરાવે છે. EAP માં આ સમિતિઓ તથા વિવિધ ભાગીદાર સંસ્થાઓ તરફથી પ્રતિભાવ અને માહિતીનો સમાવેશ થાય છે. સમુદાયનો સમર્થન મેળવવો એ Santa Clara કાઉન્ટીમાં VCA અને ચૂંટણીનો વહીવટ કરવાની નવી કાર્યપદ્ધતિના સફળ અમલીકરણ માટે નિર્ણાયક બની રહેશે.

VCA હેઠળ સંચાલિત થનારી પ્રથમ ચૂંટણી માર્ચ 3, 2020ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણી હશે. આ દસ્તાવેજ એ બાબતે માર્ગદર્શન પૂરું પાડે છે કે Santa Clara કાઉન્ટી આ તથા ભવિષ્યની ચૂંટણીઓમાં VCAના અમલીકરણ માટે કેવું આયોજન કરે છે. સંદર્ભ માટે, કોઈપણ ટેકનિકલ અથવા ચૂંટણી-વિશેષ પારિભાષિક શબ્દોને પરિશિષ્ટ Aમાં શબ્દોના સંગ્રહમાં વ્યાખ્યાયિત કરાશે અને પરિશિષ્ટ Rમાં વારંવાર પૂછાતા પ્રશ્નોની એક સૂચિ મળશે.

# ભાગ 1 – ચૂંટણી વહીવટ યોજના

મતદારોની પસંદગીનો અધિનિયમ (VCA)નું અમલીકરણ કરતી દરેક કાઉન્ટીએ ફેરફારો મતદારોને કેવી રીતે અસર કરશે તે સમજવામાં અનિવાર્ય માહિતી ધરાવતી ચૂંટણી વહીવટ યોજના (EAP) નો ડ્રાફ્ટ બનાવવો જરૂરી છે. EAP ને બે ભાગોમાં વિભાજિત કરવામાં આવશે: ભાગ 1 - ચૂંટણી વહીવટ અને ભાગ 2 - શિક્ષણ અને આઉટરીચ યોજના.

## <u>વોટ-બાય-મેલ (VBM) પ્રક્રિયા</u>

EAP માં મત કેન્દ્રો અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો અને કલાકો, ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) અને મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) બંનેની સ્થાપના, મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના, જાહેર ઇનપુટ અને સૂચનાને ધ્યાનમાં લેવા વિશે માહિતી, અને અન્ય સંબંધિત સામગ્રીનો સમાવેશ થાય છે.

મત કેન્દ્ર મોડેલમાં, નોંધાયેલા તમામ મતદારો મેલ-દ્વારા-મત મતદારો બનશે અને તેમને એક મેલ-દ્વારા-મત પૅકેટ મોકલવામાં આવશે. આ પૅકેટ મતદારોને નિમ્નલિખિત ધરાવતું એક સફેદ પરબિડિયામાં મોકલવામાં આવશે:

- એક ભૂરું પરત પરબિડિયું
- આધિકારિક મતપત્ર, જે ચૂંટણીમાં કેટલા ઉમેદવારો છે તેના ઉપર આધાર રાખે તેમ એક કરતાં વધુ મતપત્ર કાર્ડ્સ પર હોઈ શકે છે
- મતપત્રને કેવી રીતે પૂરું કરવું અને પરત કરવું તેની સૂચનાઓ વાળું એક કાગળ
- મત કેન્દ્ર અને બૅલેટ ડ્રોપ-ઑફ સ્થાનો તથા કામગીરીના કલાકો વાળું એક કાગળ
- એક "મેં મત આપ્યો" સ્ટીકર
- કોઈ વધારાની માહિતી ધરાવતો એક વધારાનો કાગળ, જો જરૂર હોય તો

તમામ મતપત્રોને ચૂંટણીના દિવસથી 29 દિવસ પહેલાં શરુ કરતાં યુનાઇટેડ સ્ટેટ્સ પોસ્ટલ સેવા થકી ટપાલમાં મોકલાશે. મતદારોને તેમના મેલ-દ્વારા-મત પૅકેટ્સ આના થોડા સમયમાં જ મળવા શરુ થઈ જવા જોઈએ.

તેઓ પોતાના મેલ-દ્વારા-મત મતપત્ર પૂરાં કરી લે, પછી મતદારો તેમના મતપત્રો પૂરા પાડ્વામાં આવેલા ટપાલ ખર્ચ ચૂકવેલા પરબિડિયામાં સાધારણ ટપાલ દ્વારા પરત કરી શકે છે, અથવા મતપત્રને કોઈપણ મત કેન્દ્ર અથવા બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન પર પરત કરી શકે છે. તમામ મત કેન્દ્રો બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન તરીકે પણ કામ કરશે, જ્યારે અમુક બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો સ્ટેન્ડ-અલોન હશે અને કાઉન્ટીમાં ફેલાયેલા નિર્દિષ્ટ સ્થાનો પર મૂકાશે.

જો કોઈ મતદારને તેમનું મતપત્ર સમયસર ન મળે, અથવા જો તેમણે પોતાના પત્ર પર કોઈ ભૂલ કરી હોય, તો તેઓ પોતાનું મતપત્ર બદલી આપવા વિનંતી કરી શકે છે. તેમના બદલી કરેલા મતપત્ર સાથે તેમને એક નવું મેલ-દ્વારા-મત પૅકેટ ટપાલમાં મોકલવામાં આવશે. જો તેમણે પોતાનું મતપત્ર ચૂંટણીના દિવસના સાત કરતાં ઓછા દિવસો પહેલાં બદલવાની જરુર હોય, તો તેમણે નવા મતપત્ર માટે મતદારોના રજિસ્ટ્રાર (ROV) ની કચેરી, અથવા કોઈ મત કેન્દ્રની મુલાકાત લેવી જરૂરી છે.

પ્રાથમિક ભાષા તરીકે અંગ્રેજી સિવાય ભાષા બોલે છે તેવા નોંધાયેલા મતદારો માટે, મતપત્રો આઠ ભાષાઓમાં ઉપલબ્ધ કરાવાશે: ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ, વિએટનામીસ, ખ્મેર, કોરિયન, હિન્દી અને જાપાનીઝ. આ ભાષાઓમાંથી, મતદાતાઓ તેમની પસંદગીની ભાષા જ્યારે તેઓ મત આપવા માટે નોંધણી કરાવે ત્યારે નોંધણી પત્રકમાં નિર્દિષ્ટ કરી શકે છે. મતપત્રો અને મેલ-દ્વારા-મત સામગ્રી તેમને તેમની પસંદગીની ભાષામાં મોકલવામાં આવશે. મતદારો ROV કચેરીનો ફોન ((408) 299-VOTE), ફેક્સ ((408) 998-7314), ઈ-મેલ (voterinfo@rov.sccgov.org) દ્વારા, જાતે જઈને અથવા એક મતદાતા ક્રિયા વિનંતી ફોર્મ (VARF) થકી સંપર્ક કરીને પોતાની ભાષા પસંદગી બદલવા વિનંતી પણ કરી શકે છે. મતદાર ROV કચેરી ખાતેથી VARF મેળવી શકે છે, અથવા તે તેમને ઇ-મેલ, ફેક્સ, અથવા ટપાલથી

મોકલી શકાય છે. વૈકલ્પિક પણે, VARF ROVની વેબસાઇટ પર મળી શકે છે અને કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા (CVIG) ની અંદર પણ મળી શકે છે.

## મેલ થકી સુલભ મતદાન

મતદારો ROV કચેરીનો સંપર્ક કરીને સુલભ ફોર્મેટમાં પણ મતદન સામગ્રી માટે વિનંતી કરી શકે છે. એક વખત મતદાર આવી વિનંતી કરે પછી, તેમને કાયમી સૂચિમાં મૂકવામાંઆવે છે અને દરેક ચૂંટણી વખતે સુલભ મતદાન સામગ્રી તેમને મોકલવામાં આવશે. તેમને સૂચિમાંથી ત્યારે જ દૂર કરવામાં આવે છે, જ્યારે તેઓ નિષ્ક્રિય બની જાય, દેશ છોડીને જતા રહે, ઘોર અપરાધ કરનારાઓની સૂચિમાં આવે, અથવા મૃત્યુ પામે.

બીજો એક સુલભ વિકલ્પ જે મતદારો વિનંતી કરી શકે છે તે છે રિમોટ ઍક્સેસિબલ વોટ-બાય-મેલ (RAVBM) પ્રણાલી ઉપયોગમાં લેવી. RAVBM પ્રણાલી માત્ર નોંધણી થયેલા વિકલાંગ મતદારો દ્વારા, તેમજ સૈન્ય તથા વિદેશમાં રહેતા મતદારો ઉપયોગમાં લેવા માટે નિર્દિષ્ટ થયેલી છે[1]. RAVBM મતદારોને તેમનું આધિકારિક મતપત્ર સુલભ કરવા માટેની એક લિંક, સાથે તેમનું મતપત્ર કેવી રીતે મુદ્રિત કરવું, પૂરું કરવું અને ચૂંટણીના દિવસ સુધીમાં ROVને પરત કરવું તેની સૂચનાવાળો ઈ-મેલ મોકલવામાં આવે છે. કોઈપણ નોંધાયેલા મતદારના કિસ્સામાં હોય તેમ, RAVBM મતદાર તેમનું મતપત્ર પરત મોકલી શકે તે માટેના ત્રણ રસ્તાઓ છે: સાધારણ ટપાલ થકી, તેમનું મતપત્ર એક બૅલટ ડ્રોપ-બૉક્સમાં નાખીને, અથવા તેને કોઈ મત કેન્દ્ર પર પરત કરીને.

પરત કરવાની પસંદ કરેલી પદ્ધતિથી અસંબદ્ધ, મતપત્રો એક પરબિડિયામાં જ પરત કરવાં જરૂરી છે. એવી ભલામણ કરવામાં આવે છે કે મતદારો તેમના મેલ-દ્વારા-મત પરબિડિયામાં સમાવવામાં આવ્યું હતું તે ભૂરું પરત પરબિડિયું ઉપયોગમાં લે. તેઓ ROVને (866) 430-8683 પર ટોલ ફ્રી કૉલ કરીને, પૂરક મતપત્ર પરત કરવાના પરબિડિયાં માટે વિનંતી કરી શકે, અથવા ROV કચેરી ખાતેથી કે એક મત કેન્દ્ર ખાતેથી એક લઈ શકે. પૂરક મતપત્ર પરત કરવા માટેના પરબિડિયાં પણ બૅલટ ડ્રોપ-બૉક્સ ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. મતદારો તેમના પોતાના પરબિડિયાં ઉપયોગમાં લેવાનું પસંદ કરી શકે, પરંતુ તેમણે પોતાના મતપત્ર સાથે મતદાતાની શપથ વાળું પાનું મુદ્રિત અને સહી કરીને ઉમેરવું જરૂરી છે. જો મતપત્ર સામાન્ય ટપાલ થકી પરત કરી રહ્યાં હોવ તો, ભૂરું મતપત્ર પરત કરવાના પરબિડિયાંને કોઈ ટપાલ ટિકિટની જરૂર નથી, જ્યારે પોતાના પરબિડિયાંથી પરત કરતી વખતે પૂરતી ટપાલ ટિકિટની જરૂર પડશે.

હૉસ્પિટલમાં દાખલ અને વિકલાંગ મતદારો માટે, તેમજ તબીબી કટોકટીને કારણે તેમના ઘરોની અંદર બંધ રહેલા મતદારો માટે, જ્યાં મતદારોને મતપત્રની જરૂર હોય અને પોતાનું મતપત્ર જાતે મેળવવામાં અસમર્થ હોય ત્યારે કટોકટી મતપત્ર વિતરણ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવે છે. વહેલાં મતદાન માટેની અરજી (પરિશિષ્ટ B) ભરવી અને તે હાલની નોંધણી અને સહીની મેળવણી માટે ROVની ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી (EIMS) થકી ચકાસાય તે માટે પરત કરવી જરૂરી છે. નોંધાયેલા મતદારે વહેલાં મતદાનની અરજી પૂરી કરવી, સહી કરવી અને તારીખ લખવી જરૂરી છે. જો મતદાર તેમની અરજી સહી ન કરી શકતા હોય, તો મતદારને તેને એક “X” વડે સહી કરવામાં કોઈક મદદ કરી શકે. મતદારને મદદ કરનાર વ્યક્તિએ “સાક્ષી રહેનાર” લખવું જોઈએ, પોતાનું નામ મુદ્રિત અને સહી કરવું જોઈએ. મતદાર તે પછી તે વ્યક્તિને પૂરી કરેલી વહેલાં મતદાન માટેની અરજી સાથે ROV મોકલશે. ROV મતદારની માહિતી અને સહીની EIMSમાં ચકાસણી કરશે, અને એક વખત ચકાસણી થઈ જાય પછી, મતદારને એક મતપત્ર જારી કરવામાં આવી શકે અને એક સંપૂર્ણ મેલ-દ્વારા-મત પેકેટ તૈયાર કરવામાં આવે છે. મતદારને મદદ કરી રહેલ વ્યક્તિ તે પછી મતપત્રને મતદાર સુધી તેમના સંબંધિત સ્થાન પર લઈ જશે. એક વખત પૂર્ણ થાય એટલે, મતપત્રને અન્ય મેલ-દ્વારા-મત મતપત્રકો સાથે સંયુક્તપણે પ્રક્રિયા કરવા માટે ROVને પરત કરી શકાય.

---

[1] જુઓ California ચૂંટણી સંહિતા §303.3

કાઉન્ટી જેલમાં કેદ થયેલા મતદારો પણ કટોકટી મતપત્ર વિતરણ પ્રક્રિયાનો ઉપયોગ કરી શકે. રાજ્ય અથવા ફેડરલ જેલમાં કેદ થયેલા મતદારો કાયદા દ્વારા મત આપવા માટે બિન-પાત્ર છે.

## બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો

રાજ્ય સચિવ (SOS) તરફથી ફેબ્રુઆરી 2019ના નોંધણીના અહેવાલ અનુસાર, Santa Clara કાઉન્ટીમાં પાત્ર મતદાર વસ્તી લગભગ 1.2 મિલિયન લોકોની છે. હાલમાં, કાઉન્ટીમાં આશરે 910,000 લોકો મત આપવા માટે નોંધાયેલા છે. ROVનો એવો અંદાજ છે કે આ સંખ્યા માર્ચ 2020ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણી સુધીમાં વધીને 1 મિલિયન નોંધાયેલા મતદારો સુધી પહોંચશે. આ આંકડાઓનો ઉપયોગ કરીને, California ચૂંટણી સંહિતા પરિમાણો ગોઠવે છે જેના અનુસાર એક કાઉન્ટીએ મતદારો માટે બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો પૂરાં પાડવા જરૂરી છે:

- ચૂંટણીના દિવસથી ઓછામાં ઓછા 28 દિવસ પહેલાં, અને ચૂંટણીના દિવસે, કુલ મળીને 29 દિવસો માટે, દર 15,000 નોંધાયેલા મતદારો માટે ઓછામાં ઓછું એક (1) બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન હોવું જોઈએ. પ્રસ્તાવિત બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન સીમાઓના નકશા માટે પરિશિષ્ટ C જુઓ.

મતદારોના રજિસ્ટ્રાર (ROV) દ્વારા અંદાજા લગાવેલા નોંધણી થયેલા મતદારોની સંખ્યાનો ઉપયોગ કરીને, જરૂરી બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન ની ન્યૂનતમ સંખ્યા 67 આવે છે. ROVની યોજના છે કે ધ્યેય કરેલા ડ્રોપ બૉક્સ સ્થાનોની કુલ સંખ્યા 91 સામે દરેક જિલ્લામાં ઓછામાં ઓછું એક બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન હોવું જોઈએ. પ્રસ્તાવિત ડ્રોપ-બૉક્સ સ્થાનો અને તેમના સંબંધિત કામગીરીના કલાકોની હાલની સૂચિ માટે પરિશિષ્ટ D જુઓ.

| હદની શ્રેણી | ન્યૂનતમ જરૂરિયાત | પ્રસ્તાવિત[2] સંખ્યા |
|---|---|---|
| બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો<br>(દર 15k નોંધાયેલા મતદરો માટે 1) | 67 | 91 |

બૅલટ ડ્રોપ-બૉક્સ માટે શ્રેષ્ઠ સ્થાનો નક્કી કરવા માટે ROVએ SOS અને ચૂંટણી સંહિતા દ્વારા મત કેન્દ્ર સ્થાનો માટે સૌથી કાર્યક્ષમ જગ્યાઓ નક્કી કરવામાં મદદ કરવા માટે આદેશિત કરેલા 14 માપદંડોનો ઉપયોગ કર્યો. આ 14 માપદંડો ROVને કાઉન્ટીને બૅલટ ડ્રોપ-બૉક્સ માટે ઉપલબ્ધ સૌથી સુલભ સ્થાનો પૂરા પાડવા માટે પણ કામ લાગે છે. માપદંડોમાં આમનો સમાવેશ થાય છે:

1. જાહેર પરિવહનથી નિકટતા
2. મેલ દ્વારા મતનો ઓછો ઉપયોગ કરતાં સમુદાયો સાથે નિકટતા
3. વસ્તી કેન્દ્રો સાથે નિકટતા
4. ભાષાકીય લઘુમતી સમુદાયો સાથે નિકટતા
5. વિકલાંગ મતદારો સાથે નિકટતા
6. વાહન માલિકીના નીચા દરો વાળા સમુદાયો સાથે નિકટતા
7. નીચી આવક વાળા સમુદાયો સાથે નિકટતા
8. મતદાર નોંધણીનો નીચો દર ધરાવતા સમુદાયો સાથે નિકટતા
9. મૂળ નિવાસી અમેરિકન આરક્ષણો સહિતની ભૌગોલિક રીતે અલગ વસ્તીઓ સાથે નિકટતા
10. સુલભતા અને વિના મૂલ્ય પાર્કિંગ

[2] ROV દ્વારા ડ્રાફ્ટ કરાયેલી હદો વસ્તીની અંદાજિત સંખ્યા ઉપર આધારિત હશે અને માર્ગદર્શિકા તરીકે કામ આપવા માટે છે. VCA દ્વારા મૂકવામાં આવેલા આંકડાને “15,000 જેટલા સુધીના” મતદારોની જરૂરિયાતો પૂરી કરતા હોવા તરીકે વિચારવા જોઈએ; આનો અર્થ છે કે દરેક હદની અંદર મતદારોની સંખ્યાનું આલેખન કોઈપણ સમયે VCA દ્વારા નિર્ધારિત કુલ સંખ્યા જેટલું ન થાય.

11. મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો સુધીનું અંતર અને મુસાફરીનો સમય
12. વિકલાંગ મતદારો, જેમને માટે મેલ દ્વારા મત મતપત્રો સુલભ નથી, તેમને માટે વૈકલ્પિક પદ્ધતિઓની જરૂર
13. મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનોની નજીક ટ્રાફીકની ઢબ
14. મોબાઇલ મત કેન્દ્રોની જરૂર

ROV વિકલાંગતા સાથેના અમેરિકનો અધિનિયમ (ADA) ની વિકલાંગ મતદારોને વધુ સારી રીતે સમાવીલેવા માટે આધિકારિક બૅલટ ડ્રોપ-બૉક્સ માટે પરિવહન અને વસ્તી ઘનતા અંગેની જરૂરિયાતોનું અનુપાલન કરે છે. બૅલટ ડ્રોપ-બૉક્સ તેમના સંબંધિત સ્થાનો પર ચૂંટણીના દિવસના 29 દિવસ પહેલાં શરુ થાય તેમ મૂકવામાં આવશે. ચૂંટણીના દિવસના 27મા દિવસ પહેલાં સુધીમાં, તમામ ડ્રોપ-બૉક્સ સ્થાપિત થયેલા અને ઉપયોગ માટે તૈયાર હોવા જોઇએ. બૉક્સ તમામ મતદારોને સુલભ હોય તે સુનિશ્ચિત કરવા માટે, ડ્રોપ-બૉક્સની રચના નીચે અનુસાર કામ કરવા માટે કરાશે[3]:

- ભૌતિક નુકસાન અને અનધિકૃત પ્રવેશ નિવારવા માટે, કોઇ કર્મચારી વિનાનું ડ્રોપ-બૉક્સ જે બહાર મૂકેલું હોય, તે તોડફોડ, કાઢી નખાવું અને ઉગ્ર આબોહવા સામે ટકી શકે તેવા ટકાઉ પદાર્થનું બનાવેલું હશે.
- ડ્રોપ-બૉક્સમાં એક ખુલ્લો માર્ગ હશે જે મતપત્રો સાથે ચેડાં થઈ શકે અથવા કાઢી શકાય તેટલું મોટું નહિ હોય.
- ડ્રોપ-બૉક્સની રચના એવી રીતે કરવામાં આવી છે કે કોઈપણ અનધિકૃત ઍક્સેસ આવા અનધિકૃત ઍક્સેસની ઘટના બની હતી તેવા ભૌતિક પુરાવામાં પરિણમે. આ વિભાગના હેતુ માટે ચૂંટણી અધિકારી ચેડાં થયાના પુરાવો આપતું સીલ ઉપયોગમાં લઈ શકે.
- ડ્રોપ-બૉક્સ મતપત્રોને ક્યાં દાખલ કરવા તેની ઓળખ આપતું હોય એવી ચોક્કસ સાઇનેજ પૂરી પાડશે.
- દરેક ડ્રોપ-બૉક્સને એક અનન્ય ઓળખ ક્રમાંક ફાળવવામાં આવશે જે ડ્રોપ-બૉક્સ પર સ્થિત હશે અને નિયુક્ત કરેલા મતપત્ર એકત્ર કરનાર, તેમજ જાહેર જનતાથી સરળતાથી જાણી શકાય તેવો હશે.
- ડ્રોપ-બૉક્સને સ્પષ્ટ રીતે અને જોઈ શકાય તેમ, એક "અધિકૃત મતપત્ર ડ્રોપ-બૉક્સ" એમ અંકિત કરવામાં આવશે.
- ડ્રોપ-બૉક્સ હાર્ડવેર કોઈપણ મજબૂત પકડ, ચીમળવું અથવા કાંડાના મરોડ વિના ઉપયોગમાં લઈ શકાય તેવું હશે.
- ડ્રોપ-બૉક્સ હાર્ડવેરને મતદાર દ્વારા ઉપયોગમાં લેવાવા માટે પાંચ (5) પાઉન્ડ કરતાં વધુ દબાણની જરૂર નહિ હોય.
- ડ્રોપ-બૉક્સ વ્હીલચેરનો ઉપયોગ કરતા વ્યક્તિ માટે તળિયા અથવા જમીનની સપાટીથી 15 થી 48 ઇંચની પહોંચના વ્યાપની અંદર ઉપયોગમાં લઈ શકાય તેવું હશે (આ વાહનોના ડ્રાઇવરો દ્વારા ઉપયોગમાં લેવા માટેના ડ્રોપ-બૉક્સને લાગુ નહિ પડે).
- બૅલટ ડ્રોપ-બૉક્સની સાઇનેજ એક અલગ રંગ પ્રકારની, જે પૃષ્ઠભૂ સાથે કૉન્ટ્રાસ્ટ (રંગછટાના ભેદ) ધરાવતી અને "આંજે નહિ" તેવી હોવી જરૂરી છે.
- ડ્રોપ-બૉક્સની રચના એવી રીતે કરાયેલી હોવી જરૂરી છે કે જાહેર જનતાને તે આધિકારિક અને સુરક્ષિત હોવાની સમજ થાય.
- સમગ્ર કાઉન્ટીમાંના, કર્મચારી સાથેના અને કર્મચારી વિનાના, દરેક બૅલટ ડ્રોપ-બૉક્સ, એક સમાન ઉપયોગ લાક્ષણિકતાઓ ધરાવતા, અને સમાન રચના, રંગ શૈલી ધરાવતા હોવા, અને જાહેર જનતાને ઓળખ માટે સુવિધા કરી આપતા સાઇનેજ ધરાવતા હોવા જરૂરી છે.
- બૅલટ ડ્રોપ-બૉક્સનુ કદ Santa Clara કાઉન્ટીના વપરાશ અને જરૂરિયાતો ઉપર આધારિત છે.

આધિકારિક બૅલટ ડ્રોપ-બૉક્સ વિશે ધ્યાનમાં રાખવા જેવી ચાવીરુપ બાબતો:

- મતપત્રોને ડ્રોપ-બૉક્સમાં પરત કરવા માટે કોઈ ટપાલ ટિકિટની જરુર નથી.
- મેલ-દ્વારા-મત મતપત્રો ચૂંટણીના દિવસે સાંજે 8:00 વાગ્યા પછી સ્વીકારવામાં નહિ આવે.
    - ડ્રોપ-બૉક્સને ચૂંટણીના દિવસે બરાબર સાંજે 8:00 વાગ્યે તાળાબંધ કરી દેવાશે.
    - અપવાદ છે કે જ્યારે મત કેન્દ્ર બંધ થઈ રહ્યું હોય ત્યારે મતદારો તેમના મતપત્રો પરત કરવા પહેલેથી જ કતારમાં હોય અથવા કોર્ટના હુકમ દ્વારા સમય વધારાયો હોય.
- આધિકારિક બૅલટ ડ્રોપ-બૉક્સ સાથે ચેડાં કરવા એ ગંભીર અપરાધ છે[4].

---

[3] જુઓ ચૂંટણી સંહિતા §20132

[4] જુઓ California ચૂંટણી સંહિતા §18500

- ચૂંટણી અધિકારીને બૉક્સ પૂરું ભરેલું છે, તેની સાથે ચેડાં થયા છે, અથવા તે નુકસાન પામેલું છે તે સલાહ આપવા માટે દરેક ડ્રોપ-બૉક્સ પર એક સૂચના મૂકવામાં આવશે.
- ડ્રોપ-બૉક્સ સાથે ચેડાં થયેલા છે કે નુકસાન થયેલું છે તેવું ક્યાં તો ROVને અથવા તો SOSને સૂચિત કરવા માટે બૉક્સ પર ROV કચેરીનો નંબર અને એક ટોલ-ફ્રી નંબર હશે[5].

મતદારો કે જેમની બોલવાની પ્રાથમિક ભાષા અંગ્રેજી સિવાયની હોય તેમને પૂરતી સુલભતા માટે, ડ્રોપ-બૉક્સ પર તમામ આઠ ભાષાઓમાં “અધિકૃત મતપત્ર ડોપ-બૉક્સ” અંકિત કરેલું હશે: ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ, વિએટનામીસ, ખ્મેર, કોરિયન, હિન્દી અને જાપાનીઝ.

ઉપરાંત, દરેક બૅલટ ડ્રોપ-બૉક્સ પર મતદારને, જો જરૂર હોય તો વધારાના મતપત્ર પરત કરવાના પરબિડિયાં ઉપલબ્ધ છે તેમ જણાવતી એક સાઇન હશે. મતદારને પરબિડિયાં પરના નિર્દેશોનું પાલન કરવાની સૂચના અપાય છે, જેમાં તેમનું નામ, રહેઠાણનું સરનામું, જન્મ તારીખ ભરવાનું, અને તેમની સહી પૂરી પાડવાનું સામેલ છે. જો બૅલટ ડ્રોપ-બૉક્સનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો મતપત્રોને મતદારની માહિતી અને સહી સાથે એક પરબિડિયાંમાં બંધ કરીને પરત કરવા જરૂરી છે. મતદારને કોઈ પ્રશ્નો હોય અથવા વધુ સહાયની જરૂર હોય તો કૉલ કરવાની સલાહ આપીને એક ટોલ-ફ્રી નંબર પૂરો પાડવામાં આવશે.

## **મત કેન્દ્રો**

મતદારની પસંદગીનો કાયદો (VCA) અનેક નવા અને રોચક ફેરફારો લાવશે. મત કેન્દ્રો 11 દિવસો સુધી ખુલ્લાં રહેશે અને તેઓ નવા અને વધુ સુલભ મત ઉપકરણો, ભાષા સહાય વડે સજ્જ હશે, અને શરતી મતદાર નોંધણી (CVR) તથા તે જ દિવસે મતદાન રજૂ કરશે. ઉપરાંત, મતદારો એક ફાળવેલા પોલિંગ સ્થળ સુધી મર્યાદિત નહિ રહે, પરંતુ તેમની પાસે સમગ્ર Santa Clara કાઉન્ટીમાં ઉપલબ્ધ લગભગ 110 મત કેન્દ્ર સ્થાનોમાંના કોઈપણ એકની મુલાકાત લેવાનો વિકલ્પ ધરાવશે.

VCA હેઠળ, મત કેન્દ્રો આ પૂર્વે પરંપરાગત પોલિંગ સ્થળો પરની પ્રસ્થાપિત રીત કરતાં વધુ દિવસો સુધી ખુલ્લાં રહે તે જરૂરી હોય છે. મત કેન્દ્રો બે વહેલું મતદાન સમયગાળાઓ હેઠળ ચાલુ રખાવા જરૂરી છે: (1) ચૂંટણીના દિવસથી દસ દિવસ પહેલાં, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ 11 દિવસ માટે, અને (2) ચૂંટણીના દિવસથી ત્રણ દિવસ પહેલાં, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ ચાર દિવસ માટે. California ચૂંટણી સંહિતા એ પરિમાણો ગોઠવે છે જેના અનુસાર એક કાઉન્ટીએ મતદારો માટે મત કેન્દ્ર સ્થાનો પૂરાં પાડવા જરૂરી છે:

- ચૂંટણીના દિવસથી દસ (10) દિવસ પહેલાંથી શરુ કરીને, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ અગિયાર (11) દિવસ માટે, દર 50,000 મતદારો માટે એક મત કેન્દ્ર ચલાવવું જરુરી છે.
- ચૂંટણીના દિવસથી ત્રણ (3) દિવસ પહેલાંથી શરુ કરીને, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ ચાર (4) દિવસ માટે, દર 10,000 મતદારો માટે એક મત કેન્દ્ર ચલાવવું જરૂરી છે.

મતદારોને વધુ સારી સેવા પૂરી પાડવા માટે, Santa Clara કાઉન્ટી માર્ચ 2020ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણી સુધીમાં નોંધાયેલા મતદારોની સંખ્યાના આલેખન પર આધારિત ન્યૂનતમ જરૂરિયાત કરતાં વધુ બે વધારાના 11-દિવસ મત કેન્દ્રો, અને ન્યૂનતમ જરૂરિયાત કરતાં વધુ આઠ વધારાના 4-દિવસ મત કેન્દ્રો ચલાવવાનું આયોજન કરી રહ્યું છે. ROV એ બે નકશા તૈયાર કર્યા છે જે કાઉન્ટીને દરેકમાં 50,000 મતદારો અને 10,000 મતદારો હોય તેવા વિસ્તારોમાં વિભાજિત કરે છે (જુઓ પરિશિષ્ટ E). આ નકશાઓએ મત કેન્દ્ર સ્થાનો નક્કી કરવાની પ્રક્રિયામાં સહાય કરી છે. 50,000 મતદારો વાળા વિસ્તારોની ફરતેની હદ વાળો નકશો 11-દિવસ મત કેન્દ્રોના સ્થાન માટે ઉપયોગમાં લેવાયો

---

[5] જુઓ California ચૂંટણી સંહિતા §20132

હતો, જ્યારે 10,000 મતદારો વાળા વિસ્તારોની ફરતેની હદ વાળો નકશો 4-દિવસ મત કેન્દ્રોના સ્થાન માટે ઉપયોગમાં લેવાયો હતો.

તમામ મત કેન્દ્રોના કામગીરીના કલાકો ચૂંટણીના દિવસ પહેલાંની તારીખોએ દર સુવિધા માટે અલગ હોઈ શકે[6]. ચૂંટણી સંહિતા અનુસાર, ચૂંટણીના દિવસે તમામ મત કેન્દ્રો સવારે 7:00 થી સાંજે 8:00 વાગ્યા સુધી મતદારો માટે ખુલ્લા હશે[7]. ROV જેમના અંગે વિચારી રહી છે તેવા સંભવિત મત કેન્દ્રોની સુચિ જોવા માટે, પરિશિષ્ટ F જુઓ. આ પ્રકાશિત થવાના સમયે વિચારણા હેઠળના તમામ મત કેન્દ્રો ફેરફારને આધીન છે.

| હદની શ્રેણી | ન્યૂનતમ જરૂરિયાત | પ્રસ્તાવિત[8] સંખ્યા |
|---|---|---|
| 11-દિવસ મત કેન્દ્રો (દર 50k નોંધાયેલા મતદરો માટે 1) | 20 | 22 |
| 4-દિવસ મત કેન્દ્રો (દર 10k નોંધાયેલા મતદરો માટે 1) | 80 | 88 |

કોષ્ટકમાં પૂરા પાડેલા આંકડાઓ નોંધાયેલા મતદારોની આલેખન કરેલી સંખ્યા ઉપર આધારિત છે. ખરેખરી ગણતરી ચૂંટણી સંહિતાના પાલન અનુસાર ચૂંટણીના 88 દિવસ પહેલાં નક્કી કરવામાં આવશે[9].

પરંપરાગતપણે, ROV પ્રમુખપદની ચૂંટણીના વર્ષ દરમ્યાન નોંધણીમાં ઉછાળો જુએ છે. જુલાઈ 2019 સુધીમાં, Santa Clara કાઉન્ટીમાં અંદાજે 910,000 મતદારો નોંધાયેલા હતા. ROV એવી અપેક્ષા રાખે છે કે આ સંખ્યા માર્ચ 2020 ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણી સુધીમાં વધીને 1 મિલિયન નોંધાયેલા મતદારો સુધી પહોંચશે. 2020 નવેમ્બરની પ્રમુખપદ માટેની સામાન્ય ચૂંટણી સુધીમાં મતદાર નોંધણી હજી વધુ વધવાની અપેક્ષા છે. ચૂંટણીઓ વચ્ચે સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે, તેમજ પૂરતી સંખ્યામાં મત કેન્દ્ર સાઇટ્સ જાળવવા માટે, ROV નવેમ્બરની સામાન્ય ચૂંટણી સુધીમાં અંદાજિત 1.1 મિલિયન નોંધાયેલા મતદારો મુજબ ભરતી કરી રહ્યું છે. VCAના અમલીકરણ સાથે આવતા અન્ય ફેરફારો વચ્ચે બદલાયા વિનાના સ્થાનો મતદારો માટે સ્થિરતાનું નિર્માણ કરે તે ઉપરાંત આ ROV ને માર્ચ અને નવેમ્બર બંને ચૂંટણીઓ માટે સંભવિત પણે સરખા મત કેન્દ્ર સ્થાનો રાખવા સમર્થ બનાવશે.

| પાત્ર મતદારોની સંખ્યા | નોંધાયેલા મતદારોની સંખ્યા | પાત્ર પરંતુ નોંધાયા વિનાની સંખ્યા | નોંધણી થયેલા મતદારોની અનુમાનિત સંખ્યા |
|---|---|---|---|
| 1,200,000 | 910,000 | 290,000 | 1,000,000 |

## મતદાર નોંધણી

મત કેન્દ્રો પરંપરાગત પોલિંગ પ્લેસ મોડેલ દ્વારા આ પહેલાં પૂરી પાડવામાં આવતી હતી તેના કરતાં ઘણી વધારે સેવાઓ પૂરી પાડવામાં સમર્થ હશે. મત કેન્દ્રો ખાતે રજૂ કરવામાં આવતી વિસ્તારેલી સેવાઓમાંની એક મતદાર નોંધણી છે. મતદારો પાસે હવે મત માટે નોંધણી કરાવવાની, તેમની મતદાર નોંધણી અપડેટ કરવાની, અને કોઈપણ

[6] ROV હજી પણ મત કેન્દ્રો મેળવવાની પ્રક્રિયા કરી રહ્યું છે અને બધા ચોક્કસ સ્થાનો તથા કામગીરીના કલાકો પ્રકાશનના સમયે ઉપલબ્ધ ન હતા.

[7] ચૂંટણી સંહિતા §4005

[8] ROV દ્વારા ડ્રાફ્ટ કરાયેલી હદો વસ્તીની અંદાજિત સંખ્યા ઉપર આધારિત હશે અને માર્ગદર્શિકા તરીકે કામ આપવા માટે છે. VCA દ્વારા ગોઠવવામાં આવેલા આંકડાને "50,000જેટલા સુધીના" મતદારોની જરૂરિયાતો પૂરી કરતો હોવાનું વિચારાવું જોઈએ; આનો અર્થ છે કે દરેક હદની અંદર મતદારોની સંખ્યાનું આલેખન દરેક સમયે VCA દ્વારા નિર્ધારિત કુલ સંખ્યા જેટલું ન થાય. સૂચવેલા પ્રસ્તાવિત આંકડાઓ ભરતી માટેનું ન્યૂનતમ લક્ષ્યાંક છે. ROV જેમને માટે વધુ ટેકાની માંગ હોય તેવા કોઈપણ વિસ્તારને પૂરતી વ્યાપ્તિ પૂરી પાડવા માટે જરૂર હોય તેવા વધારાના સ્થાનોને ધ્યાનમાં લેશે.

[9] ચૂંટણી સંહિતા §12223

મત કેન્દ્ર પર શરતી મતદાન કરવાની ક્ષમતા છે. મતદારો જેઓ શરતી મતદાર નોંધણી (CVR) હેઠળ મત આપવા માટે પાત્ર જણાયા છે, તેમને એક CVR પરબિડિયાં સાથે એક મતપત્ર મળશે.

CVR એ સમુદાયના સભ્યો, જેઓ નોંધણીના 15-દિવસ પૂરા થયા પછી મત આપવા માટે નોંધાયેલા નથી, તેમને માટે એક મત કેન્દ્ર પર નોંધણી માટે જઇ અને તે જ દિવસે મત આપી શકવા માટેનો એક રસ્તો છે. મતદારો નોંધણીના 15-દિવસ પૂરાં થયા પછી તેમના સરનામાં અથવા રાજનૈતિક પક્ષને અપડેટ કરવા માટે પણ CVRનો ઉપયોગ કરી શકે છે. એક વખત પૂરું કરેલું CVR મતપત્ર ROV કચેરીને પરત કરવામાં આવે, પછી સંભવિત મતદારને પાત્રતા માટે ચકાસવામાં આવશે. મતપત્રને ત્યારે જ ખોલવામાં અને ગણતરીમાં લેવામાં આવશે જ્યારે એવી ખરાઈ થાય કે મતદાર તમામ પાત્રતા જરૂરિયાતોને પૂરી કરે છે. CVR પરબિડિયું મતદારની નોંધણી માટેની એફિડેવિટ તરીકે પણ કામ કરશે અને મતદાર પરબિડિયાંમાંથી તેમની રસીદ ફાડીને દૂર કરી શકે છે જેથી તેઓ તેમના મતપત્રની સ્થિતિ ROVની વેબસાઇટ પર તપાસતા રહી શકે[10].

## પૂરક મતપત્ર

મત કેન્દ્રો હવે વિનંતી કરવાથી મતદારોને પૂરક મતપત્રો પૂરા પાડી શકશે. એવી ચકાસણી થયા પછી કે ROV દ્વારા મતદાર પાસેથી તે જ ચૂંટણી માટે મતપત્ર પ્રાપ્ત નથી થયું, મતદાર કોઈપણ મત કેન્દ્ર પર એક પૂરક મતપત્રની વિનંતી કરી શકે છે[11]. જો ROV એવું નક્કી ન કરી શકે કે મતદાર પાસેથી એક મતપત્ર પ્રાપ્ત થયું છે કે કેમ, તો ROV મતદારને કામચલાઉ મત આપવા માટે પરવાનગી આપી શકે.

## કામચલાઉ મતદાન[12]

કોઈપણ મત કેન્દ્ર પર, મતદર કામચલાઉ મત આપી શકે. એક મતદાર જે નોંધણી થયેલ હોવાનો દાવો કરે, પરંતુ જેની નોંધણી અને પાત્રતાને ROV કર્મચારી દ્વારા તાત્કાલિક નક્કી ન કરી શકાય, તે એક કામચલાઉ મતપત્ર વડે મત આપવાને હકદાર છે. ROVએ મતદારને તેના અથવા તેણીના આમ કરવા માટેના હક વિશે જાણ કરવી જ રહી અને મતદારને આ પૂરાં પાડવા જ રહ્યાં:

- કામચલાઉ મતપત્ર પર મત આપવાની પ્રક્રિયા અને પદ્ધતિઓ અંગે લેખિત સૂચનાઓ સાથે એક કામચલાઉ મતપત્ર
- મતદારની નોંધણી અને મત આપવા માટે પાત્રતા અંગે લેખિત એકરારનામું, જે મતદાર દ્વારા સહી કરાવું જરૂરી છે

કામચલાઉ મતદાન કરવા માટે, મતદારે, ROV કર્મચારીની હાજરીમાં, મતદાર મત આપવા માટે પાત્રતા ધરાવે છે અને Santa Clara કાઉન્ટીમાં નોંધાયેલ છે તેમ જણાવતું લેખિત એકરારનામું સહી કરી આપવું જ રહ્યું. મતદારે તે પછી મતપત્રને ROVની મુખ્ય કચેરીએ પરત કરવા માટે એક કામચલાઉ મતપત્ર પરબિડિયામાં બંધ કરવું જરૂરી છે.

સત્તાવાર કેનવાસ દરમ્યાન, કર્મચારીએ મતદારનું સરનામું ચકાસવું અને કામચલાઉ મતપત્ર પરબિડિયાં પરની સહી મતદારની નોંધણી માટેની એફિડેવિટ સાથે અથવા મતદારની નોંધણી ફાઇલમાંની અન્ય સહી સાથે મેળ ખાય છે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. સહીની જગ્યા લેતાં પ્રથમ, મધ્ય નામ, અથવા બન્ને અદ્યાક્ષરોમાં ભિન્નતા મતપત્રને અમાન્ય નથી કરી દેતું. કર્મચારીએ મતપત્રને ખોલતાં અને ગણતરીમાં લેતા પહેલાં વધારાની પાત્રતા જરૂરિયાતો પણ ચકાસવી જરૂરી છે.

---

[10] મેલ-દ્વારા-મત મતપત્ર ટ્રેકિંગ માટે વેબસાઇટ: https://eservices.sccgov.org/rov?tab=ab

[11] ચૂંટણી સંહિતા §4005

[12] ચૂંટણી સંહિતા §14310

કોઈપણ મતદાર જે કામચલાઉ મતપત્રથી મત આપે છે, તે પરબિડિયાંમાંથી તેમની રસીદ ફાડી લઈ શકે જેથી તેઓ તેમના મતપત્રની સ્થિતિની ROV વેબસાઇટ પર તપાસતા રહી શકે.[13] મતદારો ROVનો સંપર્ક કરી શકે અથવા વેબસાઇટનો ઉપયોગ કરી શકે.[14] તેમનું મતપત્ર ગણતરીમાં લેવાયું છે કે કેમ જોવા, અને જો નહિ, તો તે ગણતરીમાં ન લેવાયાનું કારણ શોધવા માટે. એવું અપેક્ષિત છે કે નવી મત પ્રણાલીના અમલીકરણ અને ઇલેક્ટ્રોનિક પોલબુક્સના ઉપયોગ વડે કામચલાઉ મતપત્ર વડે મત આપવાની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે.

## મત કેન્દ્રોમાં સુલભ મતદાન

Santa Clara કાઉન્ટી મતના રજિસ્ટ્રાર (ROV)નું ધ્યેય VCAના આયોજન અને અમલીકરણમાં સમગ્રપણે મતદાર સુલભતા ધ્યાનમાં લેવાય છે તે સુનિશ્ચિત કરવાનું છે. જ્યાં ROV મતદારોની કોઈપણ અને તમામ જરૂરિયાતોની પૂર્તતા પૂરી પાડવા માટે થઈને મત કેન્દ્ર પસંદગી, મતદાન મશીનો, અને ચૂંટણીની તાલીમ અને નિયુક્તિ કરવા વિશે વિચાર કરી રહી છે ત્યારે સુલભતા એ ધ્યાનમાં લેવાનો પ્રમુખ મુદ્દો છે. ROV દરેક મતદાર માટે એક સલામત, સુલભ, અને સ્વતંત્ર મતદાન અનુભવનો ફેલાવો કરવા માટે અગાઉથી સ્થાપિત કાર્યક્રમો, જેવા કે દૂરસ્થ સુલભ વોટ -બાય-મેલ (RAVBM) મતદાનની સાથે નવા મતદાન મશીનો ઉપયોગમાં લેશે. Santa Clara કાઉન્ટીએ, તમામ મત કેન્દ્રો ખાતે સુલભ મતદાન પૂરું પાડ્યું છે, અને પૂરું પાડવાનું ચાલુ રાખશે[15].

ROV મત કેન્દ્ર સુવિધાની જે લાક્ષણિકતાઓ માનકોને પૂરાં કરતી હોય, અને જેમાં સુધારાઓની જરૂર હોય તેવાની ઓળખ કરવા માટે California રાજ્ય સચિવનું સુલભતા ચેકલિસ્ટ સર્વેક્ષણ ઉપયોગમાં લેશે. તમામ સુધારાઓ વિતરણ પ્રણાલીમાં અને સુવિધાને ગોઠવવા તથા ચલાવવાનો હવાલો ધરાવતા સુપરવાઈઝરોને આપવામાં આવશે તેવી નકશાઓ, ઉદાહરણો અને ફોટાવાળી વ્યક્તિગત મત કેન્દ્ર પુસ્તિકામાં લખવામાં આવશે. સુધારાઓ વિકલાંગતા સાથેના અમેરિકનો અધિનિયમ (ADA)[16] ની જરૂરિયાતો પૂરી કરે તેવું અપેક્ષિત છે અને ADA પાર્કિંગ જગ્યાઓ, રેમ્પ, દરવાજાઓ, ચાલવાના રસ્તાઓ અને અન્યોનો સમાવેશ કરી શકે.

Santa Clara કાઉન્ટીમાં દરેક મત કેન્દ્ર ઓછામાં ઓછા ત્રણ (3), પરંતુ છ (6) સુધીના સુલભ બૅલટ માર્કિંગ ડિવાઇસ (BMD) વડે સજ્જ કરવામાં આવશે. ડોમિનિઅન મતદાન પ્રણાલી ICX BMD થોડા વિકલાંગ મતદારો માટે એક સ્વતંત્ર મતદાન અનુભવ પૂરો પાડશે. દરેક મત કેન્દ્ર માટે BDMs વિવિધતાભરી મતદાન પદ્ધતિ વિકલ્પો સાથે ADA ફરિયાદ સુવિધા અને એક્સેસરિઝ ધરાવશે. આ એકમોને તમામ મતપત્ર પ્રકારો અને ભાષા સંસ્કરણો સાથે પ્રોગ્રામ કરવામાં આવશે.

Santa Clara કાઉન્ટીની ઈલેક્ટ્રોનિક મતદાન પ્રણાલી દૃષ્ટિની અક્ષમતા ધરાવતા મતદારોને સહાયતા વિના, ખાનગીમાં મત આપવાની અને મતપત્ર ભરવાની ક્ષમતા પૂરી પાડે છે. સુલભ BMD એક ઑડિઓ મતદાન ઘટક વડે સજ્જ છે જે મતદારોને તેમના મતપત્રને સાંભળવા અને પૂરા પાડેલા સુલભ કીપેડનો ઉપયોગ કરી તેમની પસંદગીઓ કરવા માટે સમર્થ બનાવે છે. આ પ્રણાલી ઑડિઓ, વિઝ્યુઅલ અને સ્પર્શેન્દ્રિયને લગતાં ઇન્ટરફેસને સમર્થ બનાવે છે જે કોઈપણ મતદાર-પસંદગીના સંયોજનોમાં મતપત્રની વિગતો જાણવામાં અને તેને અંકિત કરવા માટે ઉપયોગમાં લેવાય છે. જે મતદારો મતપત્રને અંકિત કરવામાં અસમર્થ છે, તેઓ તેમને મતદાનમાં સહાય કરવા માટે બે વ્યક્તિઓ સુધી લાવી શકે છે. ઉપરાંત, વિનંતી કરવામાં આવે તો, ROV કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા (CVIG)ની ઑડિઓ ટેપ પૂરી પાડે છે.

એક અથવા વધુ BMD નિષ્ફળ રહે અથવા ખોટકાઈ જાય તેવી પરિસ્થિતિમાં, ROV જરૂરી હોય તેવા કોઈપણ સાધનોની બદલી કરવાની પ્રક્રિયાઓ ત્વરિતપણે શરુ કરશે. બદલીની પ્રક્રિયાને સ્થાનના ઉપલબ્ધ કામ કરી રહેલા

---

[13] મેલ-દ્વારા-મત મતપત્ર ટ્રેકિંગ માટે વેબસાઇટ: https://eservices.sccgov.org/rov?tab=ab

[14] કામચલાઉ મતપત્ર ટ્રેકિંગ માટે વેબસાઇટ: https://eservices.sccgov.org/rov/?tab=pb

[15] ચૂંટણી સંહિતા §19240

[16] વિકલાંગ અમેરિકનો અધિનિયમ વેબસાઇટ: https://www.ada.gov/

એકમો, ક્ષમતા જરૂરિયાતો અને ખોટકાવાની તીવ્રતાને આધારે પ્રાથમિકતા અપાશે. ટેકાની કામગીરીનો ગુણોત્તર દર છ (6) મત કેન્દ્ર જૂથો માટે એક (1) સપોર્ટ સાઇટ સાથે ત્રણ (3) ટીમનો છે.

વધારાની સુલભતા સેવાઓ જે દરેક મત કેન્દ્ર ખાતે ઉપલબ્ધ હશે, તે છે કર્બસાઇડ મતદાન અને એવા ગ્રીટર્સ હોવા જેઓ મત કેન્દ્ર પ્રક્રિયા દ્વારા તમામ મતદાર જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા અને નિર્દેશ આપવા માટે તાલીમબદ્ધ હશે.

## ભાષાકીય સહાય

દરેક મત કેન્દ્ર માટે ROVનું ધ્યેય જરૂરી તમામ ભાષાઓમાં થોડા પ્રકારની ભાષા સહાયતા પૂરી પાડવાનું છે[17]. Santa Clara કાઉન્ટી માટે, આ ભાષાઓમાં આમનો સમાવેશ થશે:

- અંગ્રેજી
- ચાઇનીઝ
- સ્પેનિશ
- ટાગાલોગ
- વિએતનામીસ
- ખ્મેર
- કોરિયન
- હિન્દી
- જાપાનીઝ

કોઈ એક ચોક્કસ સમુદાયની જરૂરિયાતો ઉપર આધાર રાખતાં, ROV કોઈ આપેલ સમુદાયમાં જાણીતી ભાષાઓ બોલી શકતા હોય તેવા દ્વિભાષી કર્મચારીની નિમણૂંક કરવાનો પ્રયત્ન કરશે. ચોક્કસ ભાષા જરૂરિયાતો ધરાવતા વિસ્તારોની ઓળખ કરાશે, જો કે, દ્વિભાષી કર્મચારીઓ ઉપલબ્ધ ન હોય તો, મત કેન્દ્ર કર્મચારી ROVનો સંપર્ક કરશે અને મતદારને દ્વિભાષી કચેરી કર્મચારી અથવા કાઉન્ટીની ફોન ભાષાંતરણ સેવા સાથે જોડશે.

મતદાર ડેટાબેઝમાંથી માપણી અને ભાષા આંકડાઓ સાથે જોડાણમાં, ROV દ્વિભાષી કર્મચારીની નિમણૂંક એવા સ્થાનોએ કેન્દ્રિત કરવામાં સમર્થ રહેશે જ્યાં તેઓ સૌથી વધુ અસરકારક રીતે સમુદાયને શ્રેષ્ઠ રીતે કામ લાગી શકે. જો સમગ્ર કાઉન્ટીમાં આવેલા દરેક મત કેન્દ્ર પર કામ કરવા માટે દરેક ભાષાના પૂરતી સંખ્યામાં દ્વિભાષી ચૂંટણી અધિકારીઓ નહિ હોય તો દ્વિભાષી ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ ચોક્કસ ભાષા સમુદાયોમાં આવેલા મત કેન્દ્રો પર કેન્દ્રિત કરવામાં આવશે.

તમામ મતદાન સામગ્રી ફેડરલ દ્વારા આદેશિત ચાર ભાષાઓમાં ઉપલબ્ધ હશે. આધિકારિક મતપત્રો, CVR અને કામચલાઉ પરબિડિયાંઓ, અને તમામ મત કેન્દ્ર સાઇનેજ ફેડરલ દ્વારા આદેશિત ચાર ભાષાઓ, રાજ્ય દ્વારા આદેશિત બે ભાષાઓ ખ્મેર અને કોરિયન, તેમજ જાપાનીઝ તથા હિન્દી, જે જરૂરી નથી પરંતુ કાઉન્ટી દ્વારા ભૂતકાળમાં પૂરી પડાતી આવી છે, તેમનો સમાવેશ કરશે.

જ્યારે કોઈ ચોક્કસ દ્વિભાષી કાર્યકર ઉપલબ્ધ ન હોય, મત કેન્દ્ર કર્મચારી ROV કચેરીને કૉલ કરી શકે છે અને અમારા દ્વિભાષી કર્મચારીઓમાંના એક સાથે વાત કરી શકે છે. ઉપરાંત, અમને મળેલી કોઈપણ ભાષા વિનંતીને અમે કાઉન્ટીની ફોન ભાષાંતર સેવા થકી પણ પૂરી કરી શકીએ છીએ.

તમામ મતદાન માહિતી ફેડરલ દ્વારા આદેશિત ચાર ભાષાઓમાં મુદ્રિત મીડિયા તેમજ ઇલેક્ટ્રોનિક રીતે (જૂન અને નવેમ્બર 2018 વહેલાં મત કેન્દ્રો ખાતે ઉપયોગમાં લેવાયેલ કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા (CVIG) ધરાવતું લેપટોપ)બંનેમાં ઉપલબ્ધ હશે. ભાષાકીય સહાયની ઉપલબ્ધતા લખેલા ચિહ્નો તમામ મત કેન્દ્રો ખાતે મૂકવામાં આવશે.

[17] ચૂંટણી સંહિતા §12303

## મત કેન્દ્ર નિયુક્તિ વિચારણા

ROVએ **બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો** વિભાગમાં વર્ણવ્યા અનુસાર રાજ્ય સચિવ દ્વારા આદેશિત એ જ 14 માપદંડોનો ઉપયોગ કર્યો છે. અનેક ઉપલબ્ધ સ્રોતોમાંથી એકત્ર કરેલ ડેટા (દા. ત. અમેરિકન કમ્યુનિટી સર્વે, ROV મતદાર ડેટાબેઝ, VTA બસ સ્ટોપ) નો ઉપયોગ આ માપદંડો માટે પરિમાણની ગણતરી માટે કરાયો હતો. આ માપદંડોમાં જાહેર પરિવહન, ટ્રાફીકની ઢબ, વસ્તી કેન્દ્રો, ભાષાકીય લઘુમતીઓ, વિકલાંગતા, વાહન માલિકીનો નીચો દર, ઓછી આવક, મેલ દ્વારા મતનો ઓછો ઉપયોગ અને ઓછી મતદાર નોંધણીનો સમાવેશ થાય છે (સંભવિત મત કેન્દ્રો અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનોને લક્ષ્યમાં લેવા માટે ઉપયોગમાં લીધેલા ડેટા મેપ્સ માટે પરિશિષ્ટ G જુઓ).

“DOTS” નામનું એક સાઇટિંગ સાધન ROVને મત કેન્દ્રો માટે સૌથી વધુ અનુકૂળ સ્થાનો નક્કી કરવામાં મદદ કરવા માટે વિકસાવાયું હતું. આ મોડેલે કાઉન્ટીને 0.5 માઇલના ચોરસ ભાગોમાં વહેંચી દીધું. દરેક ચોરસ ભાગને ઉપર સૂચિમાં સમાવેલા દરેક માપદંડ માટે એકથી પાંચના સ્કોર પર આંકવામાં આવ્યું. દરેક વ્યક્તિગત સ્કોરને ઉમેરીને અંતે એક કુલ સ્કોર મેળવવામાં આવ્યો. પછી સંભવિત મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-બૉક્સ સ્થાનો ઉપર નકશાના સ્કોરની ઉપર મૂકાયા હતા. જે સ્થળો ઊંચા સ્કોર વાળા ચોરસ ભાગની અંદર, અથવા નજીક આવ્યા તેમને પ્રાથમિકતા આપવામાં આવી કારણ કે તેઓ વધુ માપદંડોને પૂરા કરતાં હતા.

આ પ્રક્રિયામાં જાહેર જનતા તરફથી મળેલા ઇનપુટને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. જાહેર જનતા તરફથી મળેલા પ્રતિભાવમાં ધ્યાનમાં લેવાની સૌથી અગત્યની બાબતોમાં વસ્તી કેન્દ્રો સાથે નિકટતા, ટ્રાફિકની ઢબ, ભાષાકીય લઘુમતી સમુદાયો, વિકલાંગ મતદારો, અને જાહેર પરિવહનનો સમાવેશ થતો હતો. ROVએ ભૂતકાળમાં મતદાર નોંધણી તથા મેલ-દ્વારા-મતના ઉપયોગના નીચા દરો વાળા સમુદાયો સાથે નિકટતાને વધારે અગત્યતા આપી, કારણ કે આ સમુદાયો મત કેન્દ્ર દ્વારા પૂરી પડાતી સેવાઓ, જેવી કે શરતી મતદાર નોંધણી અથવા વ્યક્તિગત આવીને મતદાન કરવાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકશે. જાહેર જનતા અને ROV કર્મચારી દ્વારા પસંદ કરાયેલા માપદંડોને સાઇટિંગ સાધન વિકસાવવાની પ્રક્રિયામાં વધુ ભાર અપાયો હતો.

ઉપરાંત, મત કેન્દ્ર હદોને મતદારને મત કેન્દ્ર સુધી મુસાફરી કરવાના અંતર અને સમયને સીમિત કરવામાં મદદ કરવા માટે સ્થાપિત કરાઈ. અન્ય માપદંડો, જેવા કે ઓરડાની ઉપલબ્ધતા, કિંમત, કદ, આકાર, પાર્કિંગ માટે સુલભતા અને વિકલાંગ મતદારો માટે વૈકલ્પિક પદ્ધતિઓની જરૂરિયાતને કિસ્સા દર કિસ્સાના કાલ્પનિક ક્રમને આધારે મૂલવવામાં આવ્યા હતા.

હાલમાં, ROV તેમની પાસે ઉપલ્બ્ધ સંસાધનો વડે મોબાઇલ મત કેન્દ્રો પૂરાં પાડી શકતું નથી. જો કે, ROV ભૌગોલિક વ્યાપ આવરી લેવાની ન્યૂનતમ જરૂરિયાત કરતાં આગળ વધીને વધુ મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-બૉક્સ સ્થાનો રજૂ કરવાનું ધ્યેય રાખે છે.

## ચૂંટણી અધિકારીઓનું બંધારણ

ROV મત કેન્દ્રો પર નિયુક્ત કરવા માટે ચૂંટણી અધિકારીઓને કામે રાખશે. (ચૂંટણી સંહિતા દ્વારા ઇલેક્શન બૉર્ડ્સ તરીકે સંદર્ભાયેલા[18]) ચૂંટણી અધિકારીઓ શક્ય તેટલા વૈવિધ્યપૂર્ણ સમુદાયોમાંથી હશે જેથી મતદારો માટે પ્રક્રિયા કરવા માટે જરૂરી કૌશલ્યોનું પ્રમાણ વધારી શકાય[19]. મત કેન્દ્ર કર્મચારીએ ગ્રાહક સેવા, દ્વિભાષી ક્ષમતા, વૈવિધ્યપૂર્ણતા અને સમાવેશ પ્રત્યે સંવેદનશીલતા, નેતૃત્વ ગુણો, ટેક્નોલોજિકલ આવડતો, અને સામુદાયિક સહભાગિતાની નાગરિક ફરજોમાં રસનું પ્રદર્શન કરવું જોઈએ. તેમને નવી મત કેન્દ્ર ટેક્નોલૉજી, મતદારો સાથે કેવી રીતે પ્રક્રિયા કરવી, અને ટોળા પર કાબૂના સંચાલન માટે તાલીમ આપવામાં આવશે. વધારાના ગ્રાહક સેવા તાલીમ મુદ્દાઓમાં વરિષ્ઠો અને વિકલાંગ મતદારો માટે સુલભતા, સમાવેશનો ભાવ અને યોગ્ય વાતચીતનો સમાવેશ હશે. ROV પાત્રતા અને સમુદાયની જરુરિયાતોને આધારે શ્રેષ્ઠ ઉમેદવારોની પસંદગી કરશે. અગાઉના ચૂંટણી અધિકારીઓને પણ નવી સ્વયંસેવક

[18] ચૂંટણી સંહિતા §4005

[19] ચૂંટણી સંહિતા, વિભાગ 12, પ્રકરણ 4 ની કલમ 1

શક્યતાઓ વિશે જાણ કરવામાં આવશે અને જો તેઓ નવી કાર્મિક જરૂરિયાત પ્રતિબદ્ધતાને પૂરી કરતાં હોય તો તેમને ભરતી કરી શકાય.

ચૂંટણી અધિકારીઓનું બંધારણ વધારાની મદદ માટેના કાઉન્ટી કર્મચારીઓ અને સ્ટાઇપેન્ડ પરના સ્વયંસેવકોનું સંયોજન હશે. લીડસ અને કલાર્કોને કલાકના ધોરણે ચૂકવાતા કાઉન્ટી કામદારો તરીકે કામે રખાશે અને ગ્રીટર્સ મોટે ભાગે સ્ટાઇપેન્ડ પરના કામદારો હશે (દા. ત. અગાઉના ચૂંટણી અધિકારીઓ, હાઇસ્કૂલ વિદ્યાર્થીઓ). તમામ મત કેન્દ્ર કર્મચારીઓને ભૂમિકા અનુસાર તાલીમ અપાશે અને તેમના કામના દિવસો એક દિવસ (સ્ટાઇપેન્ડ પરના કામદારો) થી લઈને અનેક દિવસો જેટલા, જો નહિ તો, તમામ ચૂંટણી દિવસો હશે. ROV આઉટરીચ કાર્યક્રમોમાં ચૂંટણી કર્મચારીની ભરતીનો સમાવેશ થશે જ્યાં તેઓ સ્થળ પર જ એક અરજી ભરી શકશે જેને કાઉન્ટીની મંજૂરી માટે સુપ્રત કરવામાં આવશે.

મત કેન્દ્રો માટે કર્મચારીઓને કામે રાખવા એ મત કેન્દ્રના કદ અને ચૂંટણીના દિવસથી નિકટતા ઉપર આધાર રાખશે. આયોજન એવું છે કે દરેક મત કેન્દ્ર ખાતે છ (6) થી પંદર (15) ચૂંટણી અધિકારીઓ હોય. મોટા મત કેન્દ્રો પર અને વધુ વ્યસ્ત સમય દરમ્યાન તથા જેમ ચૂંટણીનો દિવસ નજીક આવે તેમ વધુ કર્મચારીઓ કામે લગાડાશે. કાઉન્ટીની ભાષાકીય જરૂરિયાતોને સમર્થન આપવા માટે શક્ય તેટલા વધુ દ્વિભાષી ચૂંટણી અધિકારીઓની ભરતી કરવા માટે પ્રયાસ કરવામાં આવશે.

## ઇલેક્ટ્રોનિક પોલબુક્સ (E-પોલબુક્સ)

VCA હેઠળ ફેરફારોના અસરકારક અમલીકરણ માટે થઈને, મત કેન્દ્રોને E-પોલબુક્સ વડે અપડેટ કરવામાં આવશે[20]. E-પોલબુક એ ઇલેક્ટ્રોનિક હાર્ડવેર અને સોફ્ટવેરનું જોડાણ છે જેને મત કેન્દ્રો અને ROVની ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી (EIMS) વચ્ચે સુરક્ષિત ઇલેક્ટ્રોનિક સંચારણ સુનિશ્ચિત કરવા માટે ઉપયોગમાં લેવાય છે. ROV EIMS તે પછી માહિતીને VoteCal ને સંચારિત કરે છે. VoteCal એ રાજ્યવ્યાપી કેન્દ્રસ્થ મતદાર નોંધણી ડેટાબેઝ છે જે કાઉન્ટી ચૂંટણી સંચાલન પ્રણાલીઓ અને અન્ય રાજ્ય પ્રણાલીઓ, જેવી કે ડિપાર્ટમેન્ટ ઑફ કરેક્શન્સ ઍન્ડ રિહેબિલિટેશન, ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક હેલ્થ, અને ડિપાર્ટમેન્ટ ઑફ મોટર વ્હિકલ્સ સાથે પરસ્પર સંચારણ અને માહિતીની આપ-લે કરે છે. આ નવી VCA ટેક્નોલોજી એક લેપટોપ ક્યાં તો ટેબ્લેટ પર કામ કરશે, પરંતુ તેને "*હાર્ડન્ડ*" કરાશે; એનો અર્થ એમ કે, <u>માત્ર</u> ROV દ્વારા મંજૂર કરાયેલું E-પોલબુક સોફ્ટવેર જ આ સાધન ઉપર કામ કરી શકશે.

E-પોલબુક નોંધણી થયેલા મતદારોની એક ઇલેક્ટ્રોનિક સૂચિ (રોસ્ટર ઇન્ડેક્સ) ધરાવશે જેને મત કેન્દ્રો ખાતે મોકલી શકાય અને ઉપયોગમાં લઈ શકાય. રોસ્ટર ઇન્ડેક્સ એ ચૂંટણીમાં મત આપવા માટે પાત્ર તમામ નોંધણી થયેલા મતદારોની ઔપચારિક સૂચિ છે. તે ને મુખ્યત્વે બેવડું મતદાન નિવારવા માટે મતદારની મતપત્ર પ્રાપ્ત કરવા માટેની પાત્રતાને લગભગ રિયલ-ટાઇમમાં ચકાસવા માટે ઉપયોગમાં લેવાય છે.

નવા VCA મોડલ હેઠળ, E-પોલબુક્સને એક સુરક્ષિત તાળાબંધ, પાણીથી સલામત ખોખામાં બંધ કરાશે અને બીજા સુરક્ષિત પાંજરામાં કડક રીતે તાળાબંધ કરી મૂકાશે તથા રોજિંદા સંગ્રહણ માટે ચાવી નિર્દિષ્ટ કર્મચારીને સોંપવામાં આવશે. કાર્યકારી કલાકો દરમ્યાન, આ એકમોમાં સંગ્રહ કરેલો ડેટા સતતપણે અપડેટ થતો હોય છે. E-પોલબુક્સને એક સુરક્ષિત ક્લાઉડ સાથેના એક સુરક્ષિત જોડાણનો ઉપયોગ કરીને માત્ર અધિકૃત ઉપયોગકર્તાઓને યુઝર ઍક્સેસ હોય તે માટે પ્રોગ્રામ કરવામાં આવ્યા છે. આ ક્લાઉડ સર્વર ડેટાબેઝ અને મતદાર ડેટામાં કોઈપણ અપડેટના સંચારણ માટે ROVની ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી સાથેના જોડાણની જાળવણી કરે છે. E-પોલબુક્સમાં મતદાર ડેટાની સુરક્ષા વિશે વધુ માહિતી **મતદાન સુરક્ષા** વિભાગ **ભાગ 2 માં મળશે: મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના**.

E-પોલબુક્સને નામ, સરનામાં, જન્મ તારીખ, પસંદગીની ભાષા, પક્ષની પસંદગી, પ્રિસિન્ક્ટ, અને મેલ-દ્વારા-મત સ્થિતિ સહિતના મતદાર નોંધણી ડેટાની ચકાસણી કરવા માટે ઉપયોગમાં લઈ શકાય. વધુમાં, E-પોલબુક્સ <u>ક્યારેય</u>

[20] ચૂંટણી સંહિતા §2183

નિમ્નલિખિત મતદાર માહિતીનો સંગ્રહ નથી કરતાં: ડ્રાઇવર લાઇસન્સ નંબર, અથવા સોશિયલ સિક્યુરિટી નંબરનો કોઈપણ સંદર્ભ. E-પોલબુક્સ લગભગ રિયલ-ટાઇમ શોધ અને મતદાર સ્થિતિ માહિતી પૂરા પાડે છે, જે ખરા અર્થમાં, મતદારો અને ROV ચૂંટણી અધિકારીઓ, બંને માટે એક વધુ સારો મતદાન અનુભવ પ્રસ્તુત કરે છે.

# આઉટરીચ

## જાહેર પરામર્શ

ચૂંટણી વહીવટ યોજના (EAP) પ્રક્રિયામાં સમાવેશક સહભાગિતા થાય તે માટેના એક પ્રયાસમાં, Santa Clara કાઉન્ટીએ નીચે જણાવ્યા પ્રમાણેના બાર (12) જાહેર પરામર્શ યોજયા:

- બે (2) મિટિંગ જાહેર જનતા સાથે:

| | | |
|---|---|---|
| સામાન્ય<br>જૂન 12, 2019<br>2:00-3:30pm | Santa Clara કાઉન્ટી સમાજ સેવાઓ<br>રૂમ 116 | 379 Tomkins Ct.<br>Gilroy, CA 95020 |
| સામાન્ય<br>જુલાઈ 13, 2019<br>1:00-2:30pm | મતદારોના રજિસ્ટ્રાર<br>સભાગૃહ | 1555 Berger Dr., Bldg 2<br>San Jose, CA 95112 |

- બે (2) મિટિંગ સુલભતાની ચિંતાઓ ધરાવતી જનતા સાથે:

| | | |
|---|---|---|
| સુલભતા<br>જૂન 13, 2019<br>5:00-7:00pm | કાઉન્ટી સરકારનું કેન્દ્ર<br>રૂમ 157 | 70 W. Hedding St.<br>San Jose, CA 95110 |
| સુલભતા<br>જુલાઈ 10, 2019<br>11:00am-12:30pm | Silicon Valley Independent Living Center<br>બોર્ડ રૂમ | 25 N. 14th St. Suite 1000<br>San Jose, CA 95112 |

- આઠ (8) મિટિંગ ભાષાકીય સુલભતા ચિંતાઓ ધરાવતા કાઉન્ટીની લક્ષ્યાંક કરેલ ભાષા સમુદાયોમાંના લોકો સાથે:

| | | |
|---|---|---|
| વિએતનામીસ<br>જૂન 17, 2019<br>6:30-8:00pm | Tully San Jose શાખા લાઇબ્રેરી<br>સમુદાય ખંડ | 880 Tully Rd.<br>San Jose, CA 95111 |
| ખ્મેર<br>જૂન 18, 2019<br>5:30-7:00pm | કાઉન્ટી સરકારી કેન્દ્ર<br>રૂમ 157 | 70 W. Hedding St.<br>San Jose, CA 95110 |
| ટાગાલોગ<br>જૂન 21, 2019<br>4:30-6:00pm | Milpitas પુસ્તકાલય<br>પ્રેક્ષકગૃહ | 160 N. Main St.<br>Milpitas, CA 95035 |
| સ્પેનિશ<br>જૂન 24, 2019<br>4:00-5:30pm | Mayfair સમુદાય કેન્દ્ર<br>Lincoln રૂમ | 2039 Kammerer Ave.<br>San Jose, CA 95116 |
| ચાઇનીઝ<br>જૂન 25, 2019<br>5:30-7:00pm | Quinlan સમુદાય કેન્દ્ર<br>સામાજિક રૂમ | 10185 N. Stelling Rd.<br>Cupertino, CA 95014 |

| | | |
|---|---|---|
| કોરિયન<br>જૂન 27, 2019<br>2:00-3:30pm | મતદારોના રજીસ્ટ્રાર<br>સભાગૃહ | 1555 Berger Dr.,<br>Building 2<br>San Jose, CA 95112 |
| હિન્દી<br>જુલાઈ 8, 2019<br>7:30-9:00pm | ભારતીય સમુદાય કેન્દ્ર<br>Gita & Ashok Vaish રૂમ | 525 Los Coches St.<br>Milpitas, CA 95035 |
| જાપાનીઝ<br>જુલાઈ 11, 2019<br>4:30-6:00pm | Joyce Ellington શાખા પુસ્તકાલય<br>સમુદાય રૂમ | 491 E. Empire St.<br>San Jose, CA 95112 |

EAP મિટિંગો માટેનું સમયપત્રક અને જાહેર સૂચનાઓ દરેક મિટિંગથી ઓછામાં ઓછા 10 દિવસ પહેલાં વેબસાઇટ પર મૂકવામાં આવ્યા હતા. Santa Clara કાઉન્ટી સરકારનું કેન્દ્ર, 70 W. Hedding Street, San Jose, CA 95110 ની બહાર જાહેર સૂચનાઓ પણ મૂકવામાં આવી હતી. ઉપરાંત, ROVએ મિટિંગની જાહેરાત કરવા માટે Nextdoor, Facebook, Twitter, અને Instagramનો પણ ઉપયોગ કર્યો. પરિશિષ્ટ Hમાં EAP વિકસાવવા સંબંધિત મિટિંગોની તમામ સૂચનાઓ સમાવેલી છે.

EAP મિટિંગોમાં લક્ષ્ય રખાયેલા મુદ્દાઓ આ હતા:

- સંભવિત મત કેન્દ્ર સ્થાનો
- સંભવિત બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો
- વિવિધ ભાષા સુલભતા જરૂરિયાતો
- વિવિધ મતદાર સુલભતા જરૂરિયાતો
- મીડિયા અને કાર્યક્રમો થકી સમુદાય આઉટરીચ માટેની ભલામણો

મિટિંગમાં પૂરી પાડેલી સામગ્રીઓમાં એક મત કેન્દ્ર ભરતી ચોપાનિયું અને સંભવિત મત કેન્દ્રો માટે માહિતી અને સૂચનો એકઠાં કરવામાં મદદ કરવા માટે એક સાઇટ પસંદગી સર્વેક્ષણ (પરિશિષ્ટ I માં દર્શાવેલું) હતા. મિટિંગોમાંથી મળેલા તમામ ઇનપુટ મિટિંગ મિનિટ્સમાં દસ્તાવેજિત કરાયા હતા (પરિશિષ્ટ J).

## ચૂંટણી વહીવટ યોજના (EAP) વિકાસ સમયરેખા[21]

| | |
|---|---|
| EAPનો પ્રસ્તાવિત ડ્રાફ્ટ જાહેર કરવો | ઑગસ્ટ 16, 2019 |
| EAP ડ્રાફ્ટ પર 14-દિવસનો જાહેર ટિપ્પણી સમયગાળો | ઑગસ્ટ 16, 2019 થી ઑગસ્ટ 30, 2019 |
| ડ્રાફ્ટ EAP પર વિચારણા કરવા સુનાવણી માટે 10-દિવસની જાહેર નોટીસ જારી કરવી | ઑગસ્ટ 20, 2019 |
| ડ્રાફ્ટ EAP પર વિચારણ કરવા પહેલી જાહેર સુનાવણી | ઑગસ્ટ 30, 2019<br>5:30-7:30pm<br>70 W. Hedding Street<br>San Jose, CA 95110<br>બોર્ડ ઓફ સુપરવાઇઝર્સના ચેમ્બર્સ |

[21] સમયરેખા એક અંદાજ છે અને ફેરફારને પાત્ર છે.

| | |
|---|---|
| ડ્રાફ્ટ EAP પર વિચારણ કરવા બીજી જાહેર સુનાવણી | સપ્ટેમ્બર 4, 2019<br>6-8pm<br>70 W. Hedding Street<br>San Jose, CA 95110<br>બોર્ડ ઓફ સુપરવાઇઝર્સના ચેમ્બર્સ |
| જાહેર સુનાવણી પછી ડ્રાફ્ટ EAPમાં સુધારો કરવાનો સમયગાળો | ઑગસ્ટ 30, 2019 થી<br>સપ્ટેમ્બર 18, 2019 |
| સુધારેલ EAP તમામ ભાષાઓમાં પ્રસિદ્ધ કરવી | ઑક્ટોબર 11, 2019 |
| સુધારેલ EAP પર 14-દિવસનો જાહેર ટિપ્પણી સમયગાળો | ઑક્ટોબર 11, 2019 થી<br>ઑક્ટોબર 25, 2019 |
| અંતિમ EAP અપનાવવી અને પ્રસિદ્ધ કરવી | નવેમ્બર 15, 2019 |
| EAPનો શિક્ષણ અને આઉટરીચ ભાગ મંજૂરી માટે રાજ્ય સચિવને મોકલવો | નવેમ્બર 15, 2019 |

## જાહેર સૂચનાઓ

બે સીધા મેઇલર્સ દ્વારા, જાહેર જનતાને સૂચિત કરવામાં આવશે કે તમામ મતદારો મેલ-દ્વારા-મત મતપત્ર પ્રાપ્ત કરશે. આ સૂચનાઓ મતદારોને જાણ કરશે કે તમામ-મેલ કરાયેલા મતપત્ર વાળી ચૂંટણી યોજવામાં આવશે, અને મતદારો ત્રણમાંની એક રીતે તેમના મતપત્રોથી મત આપી શકશે: મેલ દ્વારા (ટપાલ ખર્ચ ચૂકવેલ), કોઈપણ બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન પર, અથવા કાઉન્ટીમાં કોઈપણ મત કેન્દ્ર ખાતે. નોટીસોમાં એક લિંકનો પણ સમાવેશ થશે જ્યાં મતદારો એ તારીખો, સ્થાનો, અને મત કેન્દ્રો અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો ખુલ્લા હશે તે કલાકો, તેમજ એક સુલભ ફોર્મેટ અથવા અંગ્રેજી સિવાયની રજૂ કરાયેલી આઠમાંથી એક ભાષામાં મેલ-દ્વારા-મત મતપત્ર માટે વિનંતી કરવાની સમયસીમા પણ જોઈ શકશે. સીધા મેઈલર્સમાં પૂરી પાડેલી વધારાની માહિતીમાં આમનો સમાવેશ થશે: રહેઠાણની પુષ્ટિ અને મતદાર માહિતી ચકાસણી અંગેની સામગ્રી, વ્યાપારી જવાબી ટપાલ, અગત્યની મત કેન્દ્ર માહિતી, કાઉન્ટી અને રાજ્ય મતદાર માહિતી માર્ગદર્શિકા વિગતો, તથા નામ અને/અથવા પક્ષ જોડાણ અપડેટ કરવા વિશે સૂચનાઓ. આ સૂચનાઓ મતદારોને ROV વેબસાઇટ, ફોન નંબરો, અને સહાય માટે વિનંતી કરવા એક ટોલ ફ્રી હોટલાઇન (866) 430-VOTE માટેની એક લિંક પણ પૂરી પાડશે.

સીધા મેઇલર્સનો પ્રથમ સેટ ચૂંટણીના લગભગ 90 દિવસ પહેલાં મોકલવામાં આવશે (E-90) જેના પછી બીજો સેટ ચૂંટણીના લગભગ 29 દિવસ પહેલાં (E-29) મોકલવામાં આવશે.

ચૂંટણી સંહિતા દ્વારા જરૂરી બનાવેલા બે સીધા મેઇલર્સ ઉપરાંત, ROV એવા મતદારો માટે, જેઓ મોડી નોંધણી કરાવે અને કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા પ્રાપ્ત ન કરે, એક ત્રીજું મેઇલર પણ તૈયાર કરી રહી છે. સીધા મેઇલર્સનો આ સેટ ચૂંટણીના લગભગ 15 થી 10 દિવસ પહેલાં મોકલવામાં આવશે. તમામ જાહેર સૂચનાઓ અને VCA સંબંધિત માહિતી ROVની વેબસાઇટ પર એક સુલભ ફોર્મેટમાં મૂકવામાં આવશે.

## ભાષા સુલભતા અને મતદાન સુલભતા સલાહકાર સમિતિઓ

Santa Clara કાઉન્ટીના મતદારોના રજિસ્ટ્રાર (ROV)એ આંતરિક પ્રક્રિયા વિકાસ, હિતધારક અને જાહેર જનતાના ઇનપુટની સંકલન પ્રક્રિયા અને મતદારની પસંદગીનો અધિનિયમ (VCA) અપનાવ્યો હોય તેવી કાઉન્ટીઓના પ્રતિભાવ થકી બે સલાહકાર સમિતિઓની સ્થાપના કરી છે. પ્રથમ સમિતિ ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC) છે, જે લઘુમતી ભાષા સમુદાયો પાસેથી જેમની પ્રમુખ ભાષા અંગ્રેજી સિવાયની હોય તેવા મતદારોને મત કેન્દ્ર મોડેલ કેવી રીતે

વધુ કામ લાગી શકે તે માટેના રસ્તાઓ વિશે ઇનપુટ માંગશે. બીજી સમિતિ મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) છે, જે સુલભતાની ચિંતા વાળા મતદારો, જેમ કે વરિષ્ઠો અથવા વિકલાંગ મતદારો પાસેથી, તેમની મતદાન જરૂરિયાતો અને ચિંતાઓ ઉકેલાય તે સુનિશ્ચિત કરવા ઇનપુટ માંગશે.

આ સમિતિઓમાં સભ્યપદ બિન-નફા તથા સમુદાય આધારિત સંસ્થાઓથી લઈને Santa Clara કાઉન્ટીની અંદરની સુધરાઈઓ સુધીના વિવિધ સંપર્કોના નેટવર્કિંગ તથા સહયોગ થકી ઉમેરવામાં આવશે. LAAC અને VAAC બંનેની પ્રથમ મિટિંગો સમિતિઓની રચના કરવામાં અને દરેક સમિતિના ધ્યેયો નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાઈ હતી. દરેક સમિતિની પ્રથમ થોડી મિટિંગોની તારીખ, સમય અને સ્થળો નીચે આપેલા છે:

| **ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC)** | | |
|---|---|---|
| **તારીખ** | **સ્થાન** | **સમય** |
| જૂન 5, 2019 | Sobrato Center for Nonprofits<br>1400 Parkmoor Ave., San Jose, CA 95126 | 3:00 – 5:00pm |
| જૂન 19, 2019 | Sobrato Center for Nonprofits<br>1400 Parkmoor Ave., San Jose, CA 95126 | 3:00 – 5:00pm |
| જુલાઈ 17, 2019 | Sobrato Center for Nonprofits<br>1400 Parkmoor Ave., San Jose, CA 95126 | 2:00 – 4:00pm |

| **મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC)** | | |
|---|---|---|
| **તારીખ** | **સ્થાન** | **સમય** |
| જૂન 7, 2019 | ROV સભાગૃહ<br>1555 Berger Dr. Bldg. 2, San Jose, CA 95112 | 3:00 – 5:00pm |
| જૂન 18, 2019 | ROV સભાગૃહ<br>1555 Berger Dr. Bldg. 2, San Jose, CA 95112 | 3:00 – 5:00pm |
| જુલાઈ 16, 2019 | Silicon Valley Independent Living Center<br>બોર્ડ રૂમ<br>25 N. 14th St., Suite 1000, San Jose, CA 95112 | 10:00am – 12:00pm |

તમામ LAAC અને VAAC મિટિંગોની સૂચિ ROV વેબસાઇટ પર મૂકવામાં અને જાળવવામાં આવશે. www.sccvote.org/voterschoice LAAC મિટિંગના મુસદ્દાઓ તથા મિનિટ્સ પરિશિષ્ટ K માં જોઈ શકાય છે અને VAAC મિટિંગના મુસદ્દાઓ તથા મિનિટ્સ પરિશિષ્ટ L માં.

# ભાગ 2 - મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના

મતદારની પસંદગી અધિનિયમ (VCA) એ જરૂરી બનાવે છે કે VCAનું અમલીકરણ કરતી કોઈપણ કાઉન્ટી એક મતદાર શિક્ષણ અને આઉટરીચ યોજના પણ અમલમાં મૂકે, જે મતદારોને VCAની જોગવાઈઓ વિશે જાણ કરે. વધુ સ્પષ્ટ રીતે, કાયદો જેમની પ્રમુખ ભાષા અંગ્રેજી સિવાયની હોય તેવા મતદારો, તેમજ વિકલાંગ મતદારોને લક્ષ્યમાં રાખીને, ઉપલબ્ધ સેવાઓ પર સમુદાયોને શિક્ષિત કરવા માટે આઉટરીચ અનિવાર્ય બનાવે છે.

Santa Clara કાઉન્ટીના મતદારોના રજિસ્ટ્રાર (ROV) પાસે હાલમાં એક આઉટરીચ ટીમ અને કાર્યક્રમ છે, અને સમુદાયમાં હાજરી જાળવી રાખવા સમગ્ર વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમોમાં ઘણી વખત ભાગ લે છે, તેમજ મતદાર નોંધણી સેવાઓ અને સામાન્ય મતદાર શિક્ષણ પૂરું પાડે છે. EAPનો આ મતદાર શિક્ષણ અને આઉટરીચ વિભાગ એ દર્શાવે છે કે જાહેર જનતાને VCA વિશે શિક્ષિત કરવા માટે થઈને ROV કેવી રીતે તેમની હાલની આઉટરીચ પદ્ધતિઓને ઉપયોગમાં લેશે અને સમુદાયો સુધી પહોંચવાની નવી રીતો સાથે તેને જોડાણમાં લાવશે. આઉટરીચ પ્રવૃત્તિઓની રચના સામુદાયિક ભાગીદારીઓ વધારવા, નાગરિક સમાવેશની તકોને વિસ્તારવા, અને મત કેન્દ્ર મોડેલ વડે મતદાર અનુભવને સુધારવાના ધ્યેય સાથે કરવામાં આવશે.

## <u>વિભાગ 1: મતદાર સંપર્ક - સામાન્ય</u>

ROVએ ભૂતકાળમાં જેમાં ભાગ લીધો છે તેવા કાર્યક્રમો અને આઉટરીચ હાથ ધરી છે તે ઉપરાંત, કાઉન્ટીની વસ્તીમાંથી શક્ય તેટલી વધુને આવરી લેવા માટે મતદાર શિક્ષણ અને આઉટરીચનું આયોજન કરવામાં આવ્યું છે. એવા સમુદાયો કે જે ભૂતકાળથી સેવાથી વંચિત લોકો ધરાવે છે તેમના સુધી પહોંચવાની યોજનાઓ છે.

ROV જેમના સુધી પહોંચવાની યોજના ધરાવે છે તેવા થોડા સમુદાયોમાં વરિષ્ઠોના સમુદાયો, વંશીય/ભાષાકીય સમુદાયો, યુવા સમુદાયો, વિદ્યાર્થી સમુદાયો, સેવાથી વંચિત સમુદાયો, અને પાડોશી જૂથોનો સમાવેશ થાય છે. ROV 100 કરતાં વધુ સમુદાય આધારિત સંસ્થાઓ (CBOs) સાથે તેઓ તેમના સમુદાયોમાં જે કાર્યો કરે છે તેના વિશે અને ROVની આઉટરીચ ટીમ કેવી રીતે ભાગ લઈ શકે તે જાણવા માટે સાથે સામેલ થવાની યોજના પણ ધરાવે છે. ધ્યેય છે કે મતદાર શિક્ષણ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા માટે CBOs અને તમામ સમુદાયો સાથે મળીને કામ કરવું.

### મીડિયાનો ઉપયોગ

ROV 2019ના ઉનાળામાં મોડેથી અથવા પાનખરની શરુઆતમાં શરુ થનારી એક મીડિયા ઝુંબેશમાં મત કેન્દ્ર મોડેલ, મેલ-દ્વારા-મત પ્રક્રિયા, વહેલાં મતદાનના વિકલ્પો અને મત કેન્દ્ર ખાતે કામ કરવાની તકો વિશે માહિતી પૂરી પાડશે. આ ઝુંબેશ જાહેર જનતાને ચૂંટણી મોડેલમાં આવનારા ફેરફાર વિશે જાણકારી આપવાના પ્રયાસમાં એક નોંધપાત્ર રોકાણને દર્શાવે છે અને ROVના ઇતિહાસમાં સૌથી મોટી જાહેરાત પરિયોજના બની રહી છે. મીડિયા આઉટલેટ્સમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છે, પરંતુ તેટલાથી સીમિત નથી:

1. સ્થાનિક ટેલિવિઝન અને સામુદાયિક કેબલ સ્ટેશનો
    a. Comcast
    b. Univision
    c. Telemundo
    d. Namaste TV
    e. Crossing TV
2. સમાચારપત્રો (સ્થાનિક અને સામુદાયિક)
    a. The Mercury News
    b. Metro
    c. Morgan Hill Times
    d. Gilroy Dispatch
    e. El Observador
    f. Epoch Times

    g. India West
    h. Korea Times
    i. Nichi Bei Weekly
    j. Philippine News
    k. San Jose State Spartan Daily
    l. Santa Clara University Newspaper
    m. Stanford Daily
    n. Viet Nam Daily
    o. World Journal
    p. N & R
    q. China Press
    r. JWeekly
    s. Spotlight
    t. Bayspo Magazine
    u. Daily Post
    v. India Current
3. રેડિયો
    a. KBAY/KEZR
    b. KFOX
    c. KRTY/KLIV
    d. Sound of Hope
    e. Sing Tao
    f. Univision
    g. Vien Thao
    h. Celina Rodriguez
    i. China Press
    j. Radio Zindagi
4. ROV અને કાઉન્ટી માટે સોશિયલ મીડિયા અને વેબસાઇટ્સનો ઉપયોગ
    a. ROV Facebook પેજ: https://www.facebook.com/sccvote
    b. કાઉન્ટી Facebook પેજ: https://www.facebook.com/county.of.santa.clara
    c. ROV Twitter: https://twitter.com/sccvote
    d. કાઉન્ટી Twitter: https://twitter.com/SCCgov
    e. ROV Instagram: www.instagram.com/sccvote
    f. Nextdoor ઍપ: (Santa Clara કાઉન્ટી સંચારણો અને મીડિયા માટે શોધો)
    g. કાઉન્ટી ન્યૂઝલેટર સબ્સ્ક્રિપ્શન સૂચિઓ
5. ROV YouTube: https://www.youtube.com/sccvote
6. વેલિ પરિવહન સત્તામંડળ બસો પર જાહેર પરિવહન સંદેશાઓ
7. Santa Clara કાઉન્ટીમાં સ્થિત પ્રમુખ લીગ સ્પોર્ટ્સ ફ્રેન્ચાઇઝિસ થકી જાહેરાતો
8. ડિપાર્ટમેન્ટ ઑફ મોટર વ્હિકલ્સની બ્રાન્ચ ઑફિસો પર ટેલિવિઝન મોનિટર જાહેરાતો
9. સમગ્ર કાઉન્ટીમાં સામુદાયિક ભાગીદાર, વિકલાંગતાને સમર્થન આપતી સંસ્થાઓ, ચૂંટાયેલા અધિકારીઓ, વિશેષ ડિસ્ટ્રિક્ટ્સ, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ, સમુદાય આધારિત સંસ્થાઓ, અને ધર્મ-આધારિત સંસ્થાઓ જેવા જૂથો સાથે સામગ્રીની વહેંચણી
10. જાહેરાતની ઝુંબેશના પૂરક અને પૂર્તિ રુપે ઉપલબ્ધ આઉટલેટ્સ પર જાહેર સેવા ઘોષણાઓ (PSAs)નો ઉપયોગ થશે. આ PSAs VCA વિશે સામાન્ય માહિતી, VCA વિશે ચોક્કસ ભાષામાં માહિતી અને ટોલ-ફ્રી ભાષા સહાય હોટલાઇન તથા મત કેન્દ્ર ખાતે અને દૂરસ્થ સુલભતા મેલ-દ્વારા-મત થકી સુલભતા વિકલ્પો સહિતના મુદ્દાઓ આવરી લેશે.

મતદારોને આવનારી ચૂંટણી વિશે જાણ કરવા ROV ઑડિઓ અને વિઝ્યુઅલ મીડિયાનો પણ ઉપયોગ કરશે, જેને મુખ્યત્વે સુલભ ફોર્મેટ્સમાં વહેંચવામાં આવશે. ધ્યેય છે કે વિકલાંગતા ધરાવતા મતદારો, જેમ કે જેઓ બધિર છે અથવા સાંભળવામાં તકલીફ વાળા છે, અને મતદારો જેઓ અંધ છે અથવા દૃષ્ટિની તકલીફ ધરાવે છે, સહિતના તમામ કાઉન્ટી મતદારો સુધી પહોંચાય.

## સામુદાયિક હાજરી યોજના અને મતદાતા શિક્ષણ સામગ્રીઓ

વર્ષભરમાં ROV સતતપણે સેંકડો સામુદાયિક કાર્યક્રમોમાં ભાગ લે છે. મતદારોને ચૂંટણીઓ કેઇ રીતે સંચાલિત થાય છે તેમાં ફેરફાર વિશે જાણ કરવા, વિવિધ આઉટરીચ કાર્યક્રમોમાં VCA માહિતીનો ઉમેરો કરવામાં આવી રહ્યો છે. ROV નવા મતદાન મોડેલ વિશે તેમના સમુદાયોને જાણ કરવાની ઉત્તમ રીત વિશે પણ CBOs સાથે સક્રિયપણે કામ કરી રહ્યું છે. મતદાર શિક્ષણને આગળ વધારવામાં મદદ કરવા માટે સૂચના સામગ્રી અને કર્મચારીઓ ઉપલબ્ધ કરાઈ રહ્યાં છે.

જે સંસ્થાઓ આવનારા મત કેન્દ્ર મોડેલ વિશે જાણતી હતી અને વધુ જાણવા માંગતી હતી, તેમની સમક્ષ પહેલેથી જ પ્રસ્તુતિઓ કરાયાં હતા, જેમ કે, નિમ્નલિખિત:

- લીગ ઑફ વિમેન વોટર્સ Cupertino-Sunnyvale
- લીગ ઑફ વિમેન વોટર્સ Mountain View-Los Altos
- ડેમોક્રેટિક 21st સેન્ચુરિ ક્લબ
- ઑફિસ ઑફ વિમેન્સ પૉલીસી
- સાઉથ કાઉન્ટી ડેમોક્રેટિક ક્લબ
- Almaden Valley કમ્યુનિટી અસોશિએશન
- Santa Clara કાઉન્ટી ઑફિસ ઑફ એજ્યુકેશન
- API જસ્ટિસ કોઅલિશન
- વિમેન્સ ઇક્વાલિટી 2020 લીડરશિપ કાઉન્સિલ
- Silicon Valley કમ્યુનિટી ફાઉન્ડેશન (SVCF) અને Silicon Valley કાઉન્સિલ ઑફ નોન-પ્રોફિટ્સ (SVCN) કમુનિટી એન્ગેજમેન્ટ લંચન
- Orchard City ઇનડિવિઝિબલ
- ગર્લ્સ અચિવિંગ ઇન નૉન-ટ્રેડિશનલ સબ્જેક્ટ્સ
- CalWORKs એમ્પ્લોયમેન્ટ સર્વિસિઝ ઑફિસ

VCAની એક પ્રારંભિક મિટિંગ યોજવામાં આવી હતી અને ROVને વિવિધ રીતે સહાય કરવામાં સંભવિતપણે રસ ધરાવતા ત્રીસ કરતાં વધારે CBOsએ તેમાં ભાગ લીધો હતો. ROVનું ધ્યેય એવા તમામ CBOsને તાલીમ આપવાનું છે જેઓ ROVને કાઉન્ટીને મત કેન્દ્ર મોડેલ વિશે જાણકારી આપવામાં મદદ કરવામાં રસ ધરાવે છે.

આ લખાઈ રહ્યું છે ત્યારે અન્ય સામુદાયિક સહભાગિતા પ્રવૃત્તિઓ હાલ આયોજન પ્રક્રિયા હેઠળ છે. આ દરમ્યાન, ROV જાહેર સામગ્રીઓ, જેમ કે મત કેન્દ્ર ભરતી ચોપાનિયાં અને VCA પ્રસ્તુતિઓ, વિકસાવવાનું ચાલુ રાખી રહ્યું છે, જેમને તેમના પોતાના સમુદાયોને શિક્ષિત કરવામાં રસ ધરાવતી તમામ સંસ્થાઓ અને વ્યક્તિઓને વહેંચવામાં આવશે. સમુદાય આઉટરીચ યોજના વિશે વધુ માહિતી પરિશિષ્ટ Mમાં મળશે.

## સીધા મેઈલર્સ

ROV Santa Clara કાઉન્ટીમાંના દરેક નોંધણી થયેલા મતદારને બે (2) અલગ અલગ ટપાલો વડે આવનારી ચૂંટણીઓ વિશે જાણ કરવા માટે અને ટોલ-ફ્રી મતદાર સહાય હોટલાઇન, (866) 430-VOTE ની જાહેરાત કરવા માટે સંપર્ક કરશે. મેલ મતદારોને નવા ચૂંટણી મોડેલ, આવનારી ચૂંટણી વિશે માહિતી પૂરી પાડશે, જ્યાં તેમને આ ફેરફારો વિશે વધુ માહિતી અને એક લિંક જ્યાં મતદારો તારીખ, સ્થાનો તથા મત કેન્દ્રો તથા બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો ખુલ્લાં રહેશે તે કલાકો ઍક્સેસ કરી શકે, તેઓને મળશે. સીધા મેઈલર્સમાં પૂરી પાડેલી વધારાની માહિતીમાં રહેઠાણની પુષ્ટિ અને

મતદાર માહિતી ચકાસણી અંગેની સામગ્રી, વ્યાપારી જવાબી ટપાલ, અગત્યની મત કેન્દ્ર માહિતી, કાઉન્ટી અને રાજ્ય મતદાર માહિતી માર્ગદર્શિકા વિગતો, તથા નામ અને/અથવા પક્ષ જોડાણ અપડેટ કરવા વિશે સૂચનાઓનો સમાવેશ થશે. એક ત્રીજું મેઈલર એવા મતદારો માટે હશે જેઓ મોડી નોંધણી કરાવે છે અને કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકા પ્રાપ્ત નહિ કરે. ત્રણ પૈકી એક મેઈલરમાં મતદારોને તેમના મતદાર રેકર્ડ વિશે ચોક્કસ માહિતી અપડેટ કરવામાં સમર્થ બનાવતી એક રહેઠાણ પેનલનો સમાવેશ થશે.

### ROV વેબસાઇટ પર મતદાર શિક્ષણ સંસાધનો

મતદારની પસંદગી અધિનિયમ માહિતી સહિતની ROVની તમામ આઉટરીચ મતદાર શિક્ષણ સામગ્રીઓ ROVની વેબસાઇટ પર ઇલેક્ટ્રોનિક ફોર્મેટમાં ઉપલબ્ધ છે અને રહેશે. માર્ચ 2020ની પ્રમુખપદ માટેની પ્રાથમિક ચૂંટણી પહેલાં, ROV વેબસાઇટ નિમ્નલિખિત માહિતી ધરાવશે:

- VCA વિશે સામાન્ય માહિતી
- મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-બૉક્સ સ્થાનો અને કલાકો
- ROV ટોલ-ફ્રી મતદાર સહાય હોટલાઇન
- EAP દસ્તાવેજ
- VCA જાહેરાત સામગ્રી
- VCA શૈક્ષણિક વિડીયો અને પ્રસ્તુતિઓ
- આઉટરીચ અને વર્કશોપ સમયપત્રક
- VCA-સંબંધિત નકશાઓ

## <u>વિભાગ 2: મતદાર સંપર્ક – ભાષાકીય લઘુમતી સમુદાયો</u>

મતદારોના રજિસ્ટ્રાર (ROV)એ લઘુમતી ભાષા સમુદાયો પાસેથી જેમની પ્રમુખ ભાષા અંગ્રેજી સિવાયની હોય તેવા મતદારોને મત કેન્દ્ર મોડેલ એવી રીતે વધુ કામ લાગી શકે છે તે માટેના રસ્તાઓ વિશે ઇનપુટ માંગવા માટે જૂન 5, 2019ના રોજ એક ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC)ની સ્થાપના કરી. આ સમિતિ વિવિધ બાબતો જેવી કે મત કેન્દ્ર સ્થાનો, તેમજ કોઈપણ લાક્ષણિકતાઓ અને સેવાઓ જે પૂરી પાડવામાં આવશે, અથવા પૂરી પાડવી જોઈએ તેના વિશે પ્રતિભાવ પૂરો પાડશે. આ સમિતિ 2020ના ચૂંટણી ચક્રો દરમ્યાન સમુદાય પાસેથી જાણવાના એક સતત ચાલતા સાધન તરીકે હાજર રહેશે.

### ભાષા લઘુમતી સમુદાયની ઓળખ કરવી

ભાષાકીય લઘુમતી સમુદાયો Santa Clara કાઉન્ટીમાં નોંધણી થયેલા મતદારોની પસંદગીની ભાષા વિનંતીઓને આધારે ઓળખાઈ શકે છે. આ માહિતીનો ઉપયોગ વસ્તીગણતરી માહિતી અને અન્ય જાહેરમાં ઉપલબ્ધ વસ્તી અંગેની માહિતીની સાથે જોડાણમાં કરીને, ROVએ આગળ પડતાં ભાષા વિસ્તારોનો એક નકશો બનાવ્યો છે. આઉટરીચને આયોજિત મતદાર શિક્ષણ અને આઉટરીના ભાગ રુપે આ સ્થાનોને લક્ષ્યમાં રાખવા માટે તૈયાર કરાશે. ROV વિવિધ ભાષાકીય લઘુમતી સમુદાયો પાસેથી આઉટરીચની અન્ય પદ્ધતિઓ અને જેમાં ભાગ લેવું ઉપયોગી હોઈ શકે તેવા સમુદાય કાર્યક્રમોની ઓળખ કરવા માટે ઇનપુટ પણ માંગી રહ્યું છે.

### ભાષાકીય લઘુમતી સમુદાયોને સેવા આપવી જોઈએ

ROV અંગ્રેજી સહિતની નવ (9) ભાષાઓમાં સેવાઓ પૂરી પાડી રહ્યું છે. ચાર ભાષાઓ ફેડરલ દ્વારા આદેશિત છે: અંગ્રેજી, ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ અને વિયેતનામીસ. બે ભાષાઓ રાજ્ય દ્વારા આદેશિત છે: ખ્મેર અને કોરિયન. બાકીની બે ભાષાઓ, હિન્દી અને જાપાનીઝ, કાઉન્ટીમાં આ સમુદાયોની બહોળી હાજરીને કારણે ROV દ્વારા

ભૂતકાળથી પૂરી પડાતી આવી છે. સત્તાવાર મતપત્રો, શરતી મતદાર નોંધણી, કામચલાઉ મતપત્ર પરબીડિયાં અને તમામ મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-બોક્સ સાઇનેજ તમામ નવ ભાષાઓમાં પૂરા પાડવામાં આવશે. કાઉન્ટી મતદાર માહિતી માર્ગદર્શિકાઓ (CVIGs) પહેલાંની પ્રણાલિકા મુજબ માત્ર ફેડરલ દ્વારા આદેશિત ભાષાઓમાં જ ઉપલબ્ધ હશે. ઉપરાંત, દ્વિભાષી મત કેન્દ્ર કર્મચારી કાઉન્ટીમાં બોલાતી અન્ય ભાષાઓ અથવા બોલીઓ, જેમ કે કેન્ટોનીઝ, ફારસી, ગુજરાતી, નેપાળી, પોર્ટુગીઝ, પંજાબી, રશિયન, સિરિયાઇ, તમિલ, તેલુગુ, અને થાઈમાં મદદ કરવા ઉપલબ્ધ હોઈ શકે. ચોક્કસ ભાષાકીય સમુદાયોની માપણી કરી અને લક્ષ્યમાં રાખીને, ROV વિવિધ સમુદાયોમાં દ્વિભાષી ચૂંટણી અધિકારીઓના રુપમાં યોગ્ય ભાષા સહાય પૂરી પાડવાનું ધ્યેય રાખશે. શક્ય તેટલી વધુ ભાષાઓને સમર્થન આપવાની કોશિશ કરવાની પ્રણાલી તાજેતરની ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાઈ છે, આથી ROV આ ભાષાકીય સમુદાયોમાં પરંપરાગત રીતે ભરતી કરવા ઉપરાંત ભૂતપૂર્વ ચૂંટણી અધિકારીઓનો સંપર્ક કરશે.

## ભાષાકીય લઘુમતી સમુદાયો માટે મતદાર શિક્ષણ વર્કશોપ

ROV અગાઉ જણાવેલી નવ (9) ભાષાઓમાં દ્વિભાષી મતદાર શિક્ષણ વર્કશોપ્સ પૂરા પાડશે. આ વર્કશોપ્સ Santa Clara કાઉન્ટીમાંના ભાષાકીય સમુદાયોને દરેક ચોકક્સ ભાષામાં ઉપલબ્ધ સામગ્રીઓ અને સહાય ઉપરાંત મત કેન્દ્ર મોડેલ પ્રક્રિયા વિશે માહિતી મેળવવાની એક તક પૂરી પાડશે. ROV ભાષા સુલભતા સલાહકાર સમિતિ (LAAC)ના સભ્યોના ઇનપુટ વર્કશોપના સ્થાનો અને તારીખોની પસંદગી કરવામાં ઉપયોગમાં લેશે અને તમામ વર્કશોપ્સમાં હાજરી આપનારાઓને સહાય માટે ભાષા માટેના ચોકક્સ દુભાષિયાઓ હશે. આ લખાય છે તે સમયે, ROV ઑક્ટોબર 2019થી શરુ કરીને અમેરિકન કોરિયન કમ્યુનિટી સર્વિસિઝ સાથે દ્વિભાષી મતદાર શિક્ષણ વર્કશોપ્સ યોજવાનું આયોજન કરી રહી છે અને હાલમાં ચાઇનીઝ, સ્પેનિશ, ટાગાલોગ, વિએતનામીસ, હિન્દી, ખ્મેર અને જાપાનીઝ ભાષાકીય સમુદાયો સાથે વર્કશોપ્સનું આયોજન કરવાની પ્રક્રિયામાં છે.

## ભાષાકીય લઘુમતી સમુદાયોને લક્ષ્યમાં રાખતો મીડિયાનો ઉપયોગ

વિવિધ ભાષાકીય લઘુમતીઓને મત કેન્દ્ર મોડેલ અને મેલ-દ્વારા-મત મતદાન વિશે માહિતી પૂરી પાડવામાં આવશે, તેમજ સામાન્ય મતદાર માહિતી માટે મતદારોના રજિસ્ટ્રારની કચેરીની ટોલ-ફ્રી હોટલાઇન (866) 430-VOTE, અને (408) 299-VOTE આપવામાં આવશે. ફેડરલ દ્વારા આદેશિત તમામ ભાષાઓનું પ્રતિનિધિત્વ થાય તે રીતે, અનેક ભાષા માટે ચોક્કસ મીડિયા આઉટલેટ્સનો લાભ લેવામાં આવશે. મીડિયા આઉટલેટ્સમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છે, પરંતુ તેટલાથી સીમિત નથી.

1. સ્થાનિક ટેલિવિઝન અને સામુદાયિક કેબલ સ્ટેશનો
    a. Univision (સ્પેનિશ)
    b. Epoch Times (ચાઇનીઝ)
    c. Telemundo (સ્પેનિશ)
    d. Namaste (હિન્દી)
    e. Crossing TV (અંગ્રેજી + તમામ 8 વધારાની)
2. સમાચારપત્રો (સ્થાનિક અને સામુદાયિક)
    a. El Observador (સ્પેનિશ)
    b. Epoch Times (ચાઇનીઝ)
    c. India West (અંગ્રેજી)
    d. Korea Times (કોરિયન)
    e. Nichi Bei Weekly (જાપાનીઝ)
    f. Philippine News (ટાગાલોગ)
    g. Viet Nam Daily (વિએતનામીસ)
    h. World Journal (ચાઇનીઝ)

i. N & R (અંગ્રેજી)
j. China Press (ચાઇનીઝ)
k. JWeekly (જાપાનીઝ)
l. Spotlight (અંગ્રેજી)
m. Bayspo Magazine (જાપાનીઝ)
n. Daily Post (અંગ્રેજી)
o. India Currents (હિન્દી)

3. રેડિયો
   a. Univision (સ્પેનિશ)
   b. Celina Rodriquez (સ્પેનિશ)
   c. Sound of Hope (ચાઇનીઝ)
   d. Sing Tao (ચાઇનીઝ)
   e. Vien Thao (વિએતનામીસ)
   f. China Press (ચાઇનીઝ)
   g. Radio Zindagi (હિન્દી)
4. સોશિયલ મીડિયા અને વિભાગની વેબસાઇટ
   a. ROV Facebook પેજ: https://www.facebook.com/sccvote
   b. કાઉન્ટી Facebook પેજ: https://www.facebook.com/county.of.santa.clara
   c. ROV Twitter: https://twitter.com/sccvote
   d. કાઉન્ટી Twitter: https://twitter.com/SCCgov
   e. ROV Instagram: www.instagram.com/sccvote
   f. Nextdoor ઍપ: (Santa Clara કાઉન્ટી સંચારણો અને મીડિયા માટે શોધો)
   g. કાઉન્ટી ન્યૂઝફીડ સબ્સ્ક્રિપ્શન સૂચિઓ
   h. ROV YouTube: https://www.youtube.com/sccvote
   i. ROV વેબસાઇટ: https://www.sccvote.org
5. ભાષા લઘુમતી સમુદાય ન્યૂઝલેટર્સ
6. જાહેર સેવાની જાહેરાતો (PSAs) લઘુમતી ભાષાકીય સમુદાયોમાં મતદારોને આવનારી ચૂંટણી અને ટોલ-ફ્રી સહાય હોટલાઇન વિશે જણાવવા ઉપયોગમાં લેવાશે. PSAsને લઘુમતી ભાષા ટેલિવિઝન, રેડિયો, સમાચારપત્રો અને ઓનલાઇન્સ સ્ત્રોતો થકી પહોંચાડવામાં આવશે.

ભાષાકીય લઘુમતી સમદાયો સુધી પહોંચવાની અન્ય તકોમાં મીડિયા માહિતી સત્રો, જેમ કે એક આયોજિત કરેલું ઑપન હાઉસ જ્યાં ROV મત કેન્દ્રોમાં મૂકાનારી નવી મતદાન પ્રણાલીનું પ્રદર્શન કરશે, દરમ્યાન દ્વિભાષી કર્મચારીઓ પૂરાં પાડવાનો સમાવેશ થાય છે.

## ચૂંટણી અધિકારીઓ

મત કેન્દ્ર કર્મચારીઓનું બંધારણ નક્કી કરવા માટે ROV ચૂંટણી અધિકારીઓને કામે રોકશે (ચૂંટણી સંહિતા દ્વારા ચૂંટાણી બૉર્ડ તરીકે સંદર્ભિત)[22]. મત કેન્દ્રો માટે કર્મચારીઓને કામે રાખવા એ ચૂંટણીના દિવસથી નિકટતા અને મત કેન્દ્રના કદ બંને ઉપર આધાર રાખશે. આયોજન એવું છે કે દરેક મત કેન્દ્ર પર છ (6) થી પંદર (15) ચૂંટણી અધિકારીઓ કામ કરે. મોટા મત કેન્દ્રો પર અને વધુ વ્યસ્ત સમય દરમ્યાન જેમ ચૂંટણીનો દિવસ નજીક આવે તેમ વધુ કર્મચારીઓ કામે લગાડાશે. ચૂંટણીના દિવસથી 10 દિવસ પહેલાથી ચૂંટણીના દિવસથી 4 દિવસ પહેલા સુધી, મત કેન્દ્રો પર ઓછામાં ઓછા 6 કર્મચારી સભ્યો હશે. ચૂંટણીના દિવસથી 3 દિવસ પહેલાથી ચૂંટણીના દિવસથી 1 દિવસ પહેલા સુધી, મત કેન્દ્રો પર ઓછામાં ઓછા 11 કર્મચારી સભ્યો હશે. ચૂંટણીના દિવસે, દરેક મત કેન્દ્ર પર ઓછામાં ઓછા 15 કર્મચારી સભ્યો હશે.

ભાષા દીઠ ઓછામાં ઓછો એક ચૂંટણી અધિકારી હોય તેવી, અથવા તે મત કેન્દ્રના વિસ્તારમાં સૌથી સામાન્ય ભાષાઓમાંની દરેક માટે ઓછામાં ઓછો એક ચૂંટણી અધિકારી હોય તેવી એક યોજના પણ છે. ROV શક્ય હોય ત્યાં સુધી, વૈવિધ્યપૂર્ણ સમુદાયોમાંથી મત કેન્દ્ર કર્મચારીઓને કામે રાખશે, જેથી મતદારો વિશે પ્રક્રિયા કરવા માટે જરૂરી કૌશલ્યો મહત્તમ કરી શકાય, જ્યાં તેઓ આ સાથે મતદારો માટે દુભાષિયાઓ તરીકે કામ કરવા માટે પણ પ્રમાણિત હોય. ભરતીની શરુઆત અગાઉના દ્વિભાષી ચૂંટણી અધિકારીઓનો સંપર્ક કરીને થશે, તેમજ લાક્ષણિક ખુલ્લી-ભરતી અરજી પ્રકિયા વડે.

# વિભાગ 3: મતદાર સંપર્ક – વિકલાંગ મતદારો

મતદારોના રજિસ્ટ્રાર (ROV)એ જૂન 7, 2019ના રોજ સુલભતાની ચિંતા વાળા મતદારો, જેમ કે વરિષ્ઠો અથવા વિકલાંગ મતદારો પાસેથી નવું ચૂંટણી મોડેલ તેમને ઉત્તમ રીતે કામ કેમ લાગી શકે તેના માર્ગ જાણવા ઇનપુટ માટે મેળવવા મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC)ની સ્થાપના કરી. આ સમિતિ વિવિધ બાબતો જેવી કે મત કેન્દ્ર સ્થાનો, તેમજ કોઈપણ લાક્ષણિકતાઓ અને સેવાઓ જે પૂરી પાડવામાં આવશે, અથવા પૂરી પાડવી જોઈએ તેના વિશે પ્રતિભાવ પૂરો પાડશે. આ સમિતિ 2020ના ચૂંટણી ચક્રો દરમ્યાન સમુદાય પાસેથી જાણવાના, અને સાથે કામ કરવાના એક સતત ચાલતા સાધન તરીકે હાજર રહેશે.

## વિકલાંગ મતદારોની જરૂરિયાતોની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ

ROV વિકલાંગ મતદારોની જરૂરિયાતોને કેવી રીતે પૂરી કરવામાં આવે છે તેમાં સતતપણે સુધારા કરી રહ્યું છે. આમ કરવા માટે થઈને ROV ચાર (4) પ્રાથમિક સ્ત્રોતોમાંથી વિકલાંગ મતદારો અંગેની ભલામણોનું વિશ્લેષણ કરે છે: (1) વિકલાગ નાગરિકો, (2) વિકલાંગ મતદારોને ટેકારુપ સેવાઓ પૂરી પાડતાં CBOs, (3) VCAનું અમલી કરતી અન્ય કાઉન્ટીઓ, અને (4) રાજ્ય સચિવની કચેરી. જ્યાં VCA જે રીતે મતદાન હાથ ધરાય તેમાં એક બિલકુલ નવું પ્રકરણ શરુ કરી રહ્યું છે, ROV પણ વિકલાંગતા ધરાવતા મતદારો (અને તેમને સમર્થન આપતાં CBOs) સાથે સંબંધો વિકસાવવામાં એક નવો તબક્કો શરુ કરવાની આ તક લઈ રહ્યું છે.

ડિઝેબિલિટી રાઇટ્સ California અને Silicon Valley ઇન્ડિપેન્ડન્ટ લિવિંગ સેન્ટર એવી બે સંસ્થાઓ છે જેમણે વિકલાંગ મતદારોની જરૂરિયાતો અંગે સીધો ROVનો સંપર્ક કર્યો. શરુઆતની વાતચીતોથી લઈને, ROVએ નિમ્નલિખિત સંસ્થાઓ સાથે સંબંધને વિકસાવવાનું ચાલુ રાખ્યું છે:

- Vista Center for the Blind and the Visually Impaired
- State Council on Developmental Disabilities – Central Coast Office
- Handicapables
- Santa Clara વૅલિ બ્લાઇન્ડ સેન્ટર
- San Andreas રિજિયોનલ સેન્ટર

[22] ચૂંટણી સંહિતા, વિભાગ 12, પ્રકરણ 4ની કલમ 1

આ નવો તબક્કો વિકલાંગ મતદારો પાસેથી સીધા મળેલા ઇનપુટની અગત્યતા પર ભાર મૂકે છે. ROV મતદારો તરફથી સીધી આવતી હોય તેવી તમામ ભલામણોની સમીક્ષા કરવા/સમજવા માટે પ્રતિબદ્ધ છે/તૈયારી ધરાવે છે.

## વિકલાંગ સમુદાયો માટે આઉટરીચ

સામાન્ય મીડિયા ઝુંબેશ ઉપરાંત, ROV સુલભતાની જરૂરિયાતો વાળા મતદારોને માહિતી પૂરી પાડવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. આમાં દરેક મત કેન્દ્ર ખાતે ઓછામાં ઓછા ત્રણ સુલભ મતદાન સાધનોની ઉપલબ્ધતા વિશે માહિતી, તેમજ દૂરસ્થ સુલભ વોટ-બાય-મેલ (RAVBM) પ્રણાલીના ઉપયોગ માટે વિનંતીના વિકલ્પનો સમાવેશ થશે. RAVBM પ્રણાલી માત્ર નોંધણી થયેલા વિકલાંગ મતદારો દ્વારા, તેમજ સૈન્ય તથા વિદેશમાં રહેતા મતદારો ઉપયોગમાં લેવા માટે નિર્દિષ્ટ થયેલી છે[23].

માહિતી વહેંચણીની અન્ય તકોમાં આમનો સમાવેશ થાય છે:

1. અન્યોની સાથે, વરિષ્ઠો અથવા વિકલાંગોને સેવાઓ અને સહાય પૂરી પાડતી સંસ્થાઓ, જેવી કે Silicon Valley ઇન્ડિપેન્ડન્ટ લિવિંગ્સ સેન્ટર, Silicon Valley કાઉન્સિલ ઑફ ધ બ્લાઇન્ડ, Santa Clara વૅલિ બ્લાઇન્ડ સેન્ટર ઇન્કોર્પોરેટેડ, અને ગ્રેટર ઑપોર્ચ્યુનિટી
2. સમગ્ર કાઉન્ટીમાંના સામુદાયિક ભાગીદારો, શહેરો, વિશેષ ડિસ્ટ્રિક્ટ્સ, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ, ધર્મ આધારિત સંસ્થાઓ, અને જાહેર માહિતી અધિકારીઓ
3. "ઓપન હાઉસ" જાહેર પ્રદર્શન ખાતે પ્રદર્શિત કરેલા સુલભતા વિકલ્પો અને એક મોક (આભાસ વાળા) મત કેન્દ્રનો અનુભવ કરવા માટે કોઈ મીડિયા તકો
4. મત કેન્દ્રો ખાતે સુલભતાનો વિકલ્પ પ્રદર્શિત કરે તેવી રેડિયો અને ટેલિવિઝન જાહેર સેવાની જાહેરાતો
5. જાહેર સેવાની જાહેરાતોને મત કેન્દ્રો ખાતે સુલભતા વિકલ્પો, તેમજ દૂરસ્થ સુલભતા વોટ-બાય-મેલ પ્રણાલીની ઉપલબ્ધતા પ્રદર્શિત કરવા માટે ઉપયોગમાં લેવાશે.

## વિકલાંગ મતદારો માટે સેવાઓ

તમામ મત કેન્દ્રો વિકલાંગતા વાળા અમેરિકનો અધિનિયમ (ADA)ની પૂર્તતા કરશે. જ્યારે જરૂરી હોય, અન્ય ઉપલબ્ધ દરવાજાઓ અને પ્રવેશ માર્ગોને તમામ મતદારોને યોગ્ય સુગમતા સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત, કદ ઉપર આધાર રાખીને, મત કેન્દ્રોને ત્રણ થી છ મતદાન સાધનો, જેમને બૅલટ માર્કિંગ ડિવાઇસ (BMD) તરીકે પણ ઓળખવામાં આવે છે, જે વિકલાંગ મતદારોને સ્વતંત્રપણે અને ખાનગી રીતે મત આપવા સમર્થ બનાવવા માટે ADA પૂર્તતા લાક્ષણિકતાઓ ધરાવે છે, તેમના વડે સજ્જ કરવામાં આવશે. એવા મતદારો જેઓ તેમના ઘરેથી આરામથી મત આપવા માંગતા હોય, તેમની પાસે પણ RAVBM પ્રણાલી માટે અરજી કરવાનો અને ઍક્સેસ કરવાનો વિકલ્પ હશે. RAVBM વડે, મતદાતાઓ તેમનું આધિકારિક મતપત્ર ડાઉનલોડ કરવા માટે એક લિંક, સાથે તેમનું મતપત્ર કેવી રીતે પ્રિન્ટ કરવું, પૂરું કરવું અને ROVને પરત કરવું તે વિશેની સૂચનાઓ વાળો એક ઈ-મેલ મોકલવામાં આવશે. વિકલાંગ મતદારો સામાન્ય મતદાર માહિતી માટે (408) 299-VOTE ઉપરાંત ROVની ટોલ-ફ્રી હોટલાઇન (866) 430-VOTE પર પણ સહાય માંગી શકે છે. બંને લાઇનો ભાષા સહાય પૂરી પાડે છે.

## વિકલાંગતા સમુદાય માટે મતદાર શિક્ષણ વર્કશોપ

ROV વરિષ્ઠો અને વિકલાંગ મતદારોને ઉપલબ્ધ સુલભતા વિકલ્પો અને મત કેન્દ્ર પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવા માટે મતદાર શિક્ષણ વર્કશોપ્સ યોજશે. વર્કશોપ્સમાં મત કેન્દ્ર મોડેલ વિશે શિક્ષણ, નવા મતદાન સાધનનું પ્રદર્શન, મતદાના સાધનની સુલભતા, બૅલઅટ ડ્રોપ-બૉક્સ માહિતી, અને એક સુલભ મેલ-દ્વારા-મત મતપત્ર ઈલેક્ટ્રોનિક રીતે મેળવવાના વિક્લ્પોનો સમાવેશ કરશે, પરંતુ તેટલાથી મર્યાદિત નહિ હોય. ROV વર્કશોપના સ્થાનો અને તારીખો પસંદ કરવા માટે

[23] જુઓ California ચૂંટણી સંહિતા §303.3

મતદાન સુલભતા સલાહકાર સમિતિ (VAAC) સભ્યોના ઇનપુટનો ઉપયોગ કરશે. તાજેતરમાં, ROV એ વિસ્ટા સેન્ટર ફોર બ્લાઇન્ડ ઍન્ડ વિઝ્યુઅલી ઇમ્પેર્ડ માટે એક વર્કશોપનું આયોજન કર્યું હતું, અને આ લખાય છે ત્યારે, તે Silicon Valley ઇન્ડિપેન્ડન્ટ લિવિંગ સેન્ટર, San Andreas રિજિઓનલ સેન્ટર અને સ્ટેટ કાઉન્સિલ ઑન ડેવલપમેન્ટલ ડિઝેબિલિટીસ સાથે વર્કશોપ્સના આયોજનમાં છે.

## વિકલાંગ મતદારોને શિક્ષણ આપવા માટે ઉપયોગમાં લેવાતી ડ્રાફ્ટ સામગ્રીઓ

ROV માહિતીનો પ્રસાર કરવા માટે ઉપયોગમાં લેવાનારી ઑડિઓ, વિઝ્યુઅલ અને લેખિત સામગ્રીઓ તૈયાર કરી રહ્યું છે; અને VAAC મિટિંગોમાં એકત્ર કરેલી માહિતીને આ સામગ્રીઓને વિકસાવવાની સમગ્ર પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાશે. આ સામગ્રીઓને સંસાધનો તરીકે ROVની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

VCA જાહેરાત અથવા શિક્ષણ માટે ઉપયોગમાં લેવાયેલા કોઈપણ વિડીયો, ક્લોઝ્ડ કેપ્શનિંગ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઉદાહરણોમાં ROVની વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવેલ VCA જાહેરાત વિડીયો અને ઓનલાઇન સ્ટ્રીમ કરેલી (અને અપલોડ કરેલી) EAP જાહેર સુનાવણીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, ROV VCA માહિતી ચોપાનિયાને બ્રેઈલમાં પરિવર્તિત કરવા ઉપર કામ કરી રહ્યું છે.

## ચૂંટણી અધિકારીઓ

2020 પ્રાથમિક ચૂંટણી માટે તૈયારી કરવા માટે, ROV વિશેષ રુપથી ચૂંટણી અધિકારીઓ માટે તાલીમ સામગ્રી વિકસાવી રહ્યું છે. અમુક ચોક્કસ તાલીમ સામગ્રીઓ વિકલાંગ મતદારોને સમાવવા અંગે સાંસ્કૃતિક સંવેદનશીલતાના પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. બીજી તાલીમ સામગ્રી ચૂંટણી અધિકારીઓને વિકલાંગ મતદારો પોતાની સાથે લાવે અને મત કેન્દ્રો ખાતે ઉપયોગમાં લેવાની જરૂર પડે તેવી વિવિધ શ્રાવ્ય અને/અથવા દૃશ્ય સહાય સાધનોને ચલાવવા અને જોડવાના ટેકનિકલ પાસા પર મદદ કરશે. ચૂંટણી અધિકારીઓની તાલીમમાં વિકલાંગતા વાળા અને વિનાના, તમામ વ્યક્તિઓને આદરપૂર્વક સેવા કેવી રીતે પૂરી પાડવી તે સમજવા માટે એક વૈવિધ્યતા વિડીયો પૂરો પડાય છે. અન્ય તાલીમમાં વિકલાં મતદારો માટે મત કેન્દ્રને યોગ્ય રીતે તૈયાર કરવાનો સમાવેશ થાય છે. તમામ ચૂંટણી અધિકારીઓ તમામ મતદારોની વૈવિધ્યતા તરફની પ્રતિબદ્ધતા તરીકે દરેક મતદારની અનન્યતા પ્રત્યે સહાનુભૂતિ ધરાવવાની અને આદર રાખવાની સોગંદ લે છે. ચૂંટણી અધિકારીઓ તમામ મતદારોને આવકારાયેલા, માન અપાયેલા અને અગત્યના હોવાની ભાવના કરાવવાનું વચન આપે છે.

# <u>વિભાગ 4: મત કેન્દ્ર અને બૅલટ ડ્રોપ-ઑફ સ્થાન માહિતી</u>

## મત કેન્દ્ર સ્થાનો

California ચૂંટણી સંહિતા કાઉન્ટીઓ માટે એ જરૂરી બનાવે છે કે મત કેન્દ્રો બે વહેલા મતદાન સમયગાળાઓ માટે ખુલ્લાં રાખવામાં આવે. પહેલો વહેલા મતદાનનો સમયગાળો મત કેન્દ્રો ચૂંટણીના દિવસના દસ (10) પહેલાં, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ અગિયાર (11) દિવસ પહેલાં ખુલ્લા હોવા બનાવે છે. આ ગણતરી દર 50,000 નોંધણી થયેલા કાઉન્ટી મતદારો માટે એક મત કેન્દ્ર ધરાવવા પર આધારિત છે. બીજો વહેલા મતદાનનો સમયગાળો મત કેન્દ્રો ચૂંટણીના દિવસના દસ (3) પહેલાં, અને ચૂંટણીના દિવસને સમાવીને, કુલ ચાર (4) દિવસ પહેલાં ખુલ્લા હોવા જરૂરી બનાવે છે. આ ગણતરી દર 10,000 નોંધણી થયેલા કાઉન્ટી મતદારો માટે એક મત કેન્દ્ર ધરાવવા પર આધારિત છે.

મતદારોના રજિસ્ટ્રાર (ROV) હાલમાં કુલ એકસો દસ (110) મત કેન્દ્રો માટે, આશરે બાવીસ (22) મત કેન્દ્રો અગિયાર (11) દિવસ પહેલાં ખુલ્લાં થાય અને અઠ્યાંસી (88) મત કેન્દ્રો ચાર (4) દિવસ પહેલાં ખુલ્લાં થાય તે પાર પાડવાની પ્રક્રિયામાં છે. અમુક મત કેન્દ્રના કલાકોને અનિયમિત સમયપત્રક વાળા વ્યક્તિઓને સેવા આપવા માટે અથવા તે

વ્યક્તિગત સ્થાનની ઉપલબ્ધતાને કારણે ભાગ પાડેલા હોઈ શકે. પ્રકાશિત થવાના સમય સુધીમાં, અનેક સ્થાનોએ તેમની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી છે, પરંતુ મત કેન્દ્ર સ્થાનોને જાહેર જનતાના ઇનપુટનું વિશ્લેષણ અને ROV પ્રાથમિક્તાઓ પૂર્ણ થઈ જાય પછી નક્કી કરવામાં આવશે. માર્ચ 2020ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણીઓ સુધીમાં નોંધણી થયેલા મતદારોની અંદાજિત સંખ્યાને આધારે, 2020ની પ્રમુખપદની પ્રાથમિક અને સામાન્ય ચૂંટણીઓ માટે ROV પાસે ઓછામાં ઓછા 100 મત કેન્દ્રો હોવા જરૂરી હશે. કાઉન્ટીની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવા માટે ROV અંદાજે 110 મત કેન્દ્રોની પ્રસ્તાવના કરી રહ્યું છે, VCA દ્વારા જરૂરી બનાવ્યા કરતાં દસ વધુ. મત કેન્દ્રોના આંકડાનું વિશ્લેષણ આ મુજબ છે:

| **મત કેન્દ્રોની અંદાજિત સંખ્યા** | | | |
|---|---|---|---|
| **હદની શ્રેણી** | **ન્યૂનતમ જરૂરિયાત[24]** | **પ્રસ્તાવિત[25] સંખ્યા** | **નક્કી થયેલી સંખ્યા[26]** |
| 11-દિવસ મત કેન્દ્રો<br>(દર 50k નોંધાયેલા મતદરો માટે 1) | 20 | 22 | TBD |
| 4-દિવસ મત કેન્દ્રો<br>(દર 10kનોંધાયેલા મતદરો માટે 1) | 80 | 88 | TBD |
| **કુલ** | **100** | **110** | **TBD** |

પરિશિષ્ટ Eમાં સંભવિત મત કેન્દ્ર સ્થાનોની ઓળખ કરવામાં મદદ માટે ઉપયોગમાં લીધેલા 50,000 અને 10,000-મતદાર સીમાઓ દર્શાવતા નકશાઓ છે. પ્રસ્તાવિત મત કેન્દ્ર સ્થાનો અને કલાકોની હાલની સૂચિ તથા નકશા માટે, પરિશિષ્ટ F જુઓ.

## બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો

મતદારોના રજિસ્ટ્રાર (ROV) કુલ 91 બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો પર કામગીરી કરવાનું આયોજન કરે છે. માર્ચ 2020ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણીઓ સુધીમાં નોંધણી થયેલા મતદારોની અંદાજિત સંખ્યાને આધારે, 2020ની પ્રમુખપદની પ્રાથમિક અને સામાન્ય ચૂંટણીઓ માટે ROV પાસે ઓછામાં ઓછા 67 બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો હોવા જરૂરી હશે. કાઉન્ટીની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવા માટે, પ્રસ્તાવિત સંખ્યા કાઉન્ટીમાં દરેક ડિસ્ટ્રિક્ટમાં ઓછામાં ઓછું એક ડ્રોપ-ઑફ સ્થાન હોય તેને આધારિત છે. પ્રસ્તાવિત બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનોની હાલની સૂચિ તથા નકશા માટે, પરિશિષ્ટ D જુઓ.

[24] મત કેન્દ્રોની જરૂરી ન્યૂનતમ સંખ્યા માર્ચ 2020ની પ્રાથમિક ચૂંટણી સુધીમાં Santa Clara કાઉન્ટીમાં મતદારોની અંદાજિત સંખ્યા ઉપર આધારિત છે.

[25] ROV દ્વારા ડ્રાફ્ટ કરાયેલી હદો વસ્તીની અંદાજિત સંખ્યા ઉપર આધારિત હશે અને માર્ગદર્શિકા તરીકે કામ આપવા માટે છે. VCA દ્વારા ગોઠવવામાં આવેલા આંકડાને "50,000જેટલા સુધીના" મતદારોની જરૂરિયાતો પૂરી કરતો હોવાનું વિચારાવું જોઈએ; આનો અર્થ છે કે દરેક હદની અંદર મતદારોની સંખ્યાનું આલેખન દરેક સમયે VCA દ્વારા નિર્ધારિત કુલ સંખ્યા જેટલું ન થાય.

[26] આ સંખ્યા પ્રકાશનના સમય સુધીમાં નક્કી થયેલી સંખ્યા દર્શાવે છે.

| બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનોની અંદાજિત સંખ્યા | | | |
|---|---|---|---|
| **હદની શ્રેણી** | **ન્યૂનતમ જરૂરિયાત** | **પ્રસ્તાવિત[27] સંખ્યા** | **નક્કી થયેલી સંખ્યા** |
| બૅલટ ડ્રોપ-ઑફ સ્થાનો (દર 15k નોંધાયેલા મતદરો માટે 1) | 67 | 91 | TBD |

## નિવારક પગલાં

મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે ચૂંટણી પહેલાં અને દરમ્યાન ROV નિમ્નલિખિત નિવારક સુરક્ષા ઉપાયો લાગુ કરશે:

| નિવારક સુરક્ષા ઉપાય | હેતુ |
|---|---|
| માનક સુરક્ષા પગલાં | ચૂંટણી સંબંધિત સામગ્રી અને સાધનોની એક્સેસને મર્યાદિત કરવી અને અંતે કોઈપણ સંભવિત વિક્ષેપોને રોકવા. |
| સર્વર અને નેટવર્ક બેકઅપ | જો મુખ્ય સર્વર અથવા નેટવર્ક બગડી જાય તો માહિતીના પ્રવાહમાં વિક્ષેપને નિવારવા માટે. |
| મતદાન સાઇટ સાધનોનો બેકઅપ સેટ | જો કોઈ સાધન બિનઉપયોગી બની જાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| બેકઅપ સાધનો | જો કોઈ સાધન ગુમ થઈ જાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| બેકઅપ મતદાન પુરવઠો | જો મતદાન અંગેનો કોઈ પુરવઠો બિનઉપયોગી બને ગુમ થઈ જાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| મત કેન્દ્ર કર્મચારી સ્ટેન્ડબાય પર | જો કોઈ મત કેન્દ્ર કર્મચારીઓ ગેરહાજર હોય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| શંકાસ્પદ વ્યક્તિ અથવા વસ્તુ વિશેની પ્રક્રિયાઓ | જો કોઈ શંકાસ્પદ વ્યક્તિ અથવા વસ્તુ દેખાય તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |
| હાજર મેન્યુઅલ પ્રણાલીઓ | જો ઈલેક્ટ્રોનિક મતદાન સાધન બિનઉપયોગી બને તો મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ નિવારવા માટે. |

દરેક નિવારક સુરક્ષા ઉપાયોની વિગતવાર માહિતી માટે, કૃપા કરીને પરિશિષ્ટ N જુઓ.

## આકસ્મિક ઘટના માટે આયોજન

ROV એક સરળ ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે શક્ય તમામ ઉપાયો હાથ ધરશે, તેમ છતાં, કોઈ વિક્ષેપ થાય તે કિસ્સામાં, ROV પાસે વિક્ષેપ થાય તો પણ કામકાજ ચાલુ રાખવા માટે ચોક્કસ ઉપાયો તૈયાર છે. ROVએ અનેક મહત્વના સંભવિત વિક્ષેપોની ઓળખ કરી છે:

- ચૂંટણી માહિતી સંચાલન પ્રણાલી ખોટકાવી
- વીજ પ્રવાહ ખોટકાવો
- ખરાબ હવામાન

[27] ROV દ્વારા ડ્રાફ્ટ કરાયેલી હદો વસ્તીની અંદાજિત સંખ્યા ઉપર આધારિત હશે અને માર્ગદર્શિકા તરીકે કામ આપવા માટે છે. VCA દ્વારા ગોઠવવામાં આવેલા આંકડાને "15,000 જેટલા સુધીના" મતદારોની જરૂરિયાતો પૂરી કરતો હોવાનું વિચારાવું જોઈએ; આનો અર્થ છે કે દરેક હદની અંદર મતદારોની સંખ્યાનું આલેખન દરેક સમયે VCA દ્વારા નિર્ધારિત કુલ સંખ્યા જેટલું ન થાય.

- આગ અથવા અન્ય હોનારત
- મતદાન ઉપકરણમાં ખરાબી
- બૅલટ ઑન-ડિમાન્ડ સાધન કામ કરતું બંધ થાય
- ઇન્ટરનેટ જોડાણ ખોટકાવું
- મત કેન્દ્ર કર્મચારીઓ ગેરહાજર રહે
- ઉપયોગ ન કરી શકાય તેવું મત કેન્દ્ર

આ વિક્ષેપોની વિગતવાર માહિતી, ROVના ઉપાયો, અને આકસ્મિક ઘટનાઓ માટેના ROVના વધારાના ઉપાયો માટે, પરિશિષ્ટ O જુઓ.

# વિભાગ 5: મત કેન્દ્ર બૅલટ સુરક્ષા અને ગોપનીયતા આયોજનો

## મત કેન્દ્ર રચના અને લે-આઉટ

આદર્શ મત કેન્દ્ર ઓછામાં ઓછા 60'x60'નું હશે જેથી નિર્દિષ્ટ ખાનગી મતદાન વિસ્તારો માટે પૂરતી જગ્યા પૂરી પાડીને મહત્તમ પ્રવાહને સુનિશ્ચિત કરી શકાય. મતદારોને યોગ્ય કર્મચારી તરફ દોરી જવા માટે એક નિર્દિષ્ટ કતાર પ્રણાલી, મતદારો માટે નવી ઇલેક્ટ્રોનિક પોલબુકમાં પ્રક્રિયા કરવા માટે એક સાઇન-ઇન ટેબલ, જ્યાં મતપત્રો પ્રિન્ટ થશે તે બૅલટ ઑન ડિમાન્ડ પ્રિન્ટર વિસ્તાર અને મતદાન બૂથ તથા મતપત્ર અંકન સાધન વિસ્તારો હશે. પરિશિષ્ટ P સામાન્ય લે-આઉટ રચના દર્શાવે છે જેને એક માર્ગદર્શિકા તરીકે ઉપયોગમાં લેવાશે, પરંતુ દરેક મત કેન્દ્ર એક કસ્ટમાઇઝ્ડ લે-આઉટ ધરાવે તેવું સંભવ છે.

## મતદાન સુરક્ષા

મતદાર ડેટાની ગોપનીયતા, અખંડિતતા, અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાંઓ લેવાઈ રહ્યાં છે. તમામ કાઉન્ટી મતદાર ડેટાને તે કાઉન્ટી કર્મચારીઓ દ્વારા ઉપયોગ માટે ઉપલબ્ધ રાખવાની સાથે, ડેટાની સુરક્ષા માટે રચવામાં આવેલા સુરક્ષા ઉપાયોનો ઉપયોગ કરીને ડેટાબેઝ અને સર્વરમાંમાં સંગ્રહ કરવામાં આવી રહ્યાં છે.

મતદારોના રજિસ્ટ્રારની (ROV) મુખ્ય કચેરી ખાતે, મતદાન પ્રણાલીને ઍર-ગેપ કરવામાં આવશે, અર્થાત, તેનો બાહ્ય નેટવર્કને ઍક્સેસ નહિ હોય. મતદાન પ્રણાલીને ઍક્સેસ કરવાની એકમાત્ર રીત છે પ્રણાલી જેમાં છે તે સર્વર રુમમાં જાતે જવું. કમ્પ્યુટર સુરક્ષાના સંબંધમાં, જો ડેસ્કટોપ કમ્પ્યુટર્સને સલામત રીતે શટ ડાઉન કરવાનો સમય ન હોય તો, કર્મચારીઓએ કમ્પ્યુટરને Ctrl+Alt+Deleteનો ઉપયોગ કરીને લૉક કરવું જોઈએ. આને માટેનું કારણ એ છે કે પાવર બટનને બસ એક વાર દબાવવું જોડાણને છૂટું પાડવા અને તેને પૂરી રીતે શટ ડાઉન કરવા માટે પૂરતું ન હોય. જો પાવર ન હોય, તો કર્મચારીએ કમ્પ્યુટર્સને સંભાળવા માટેના ઉત્તમ રસ્તા માટે હેલ્પ ડેસ્ક તરફથી નિર્દેશની રાહ જોવી જોઇએ.

મત કેન્દ્ર ખાતે, કર્મચારીને તમામ મતદારોના નોંધણીના ડેટા અને મતદાર ઇતિહાસની માહિતીનો, તેઓ કોઈપણ મત કેન્દ્રો ખાતે આવે ત્યારે, લગભગ રિયલ ટાઇમ ઍક્સેસ હશે. કોઈપણ મતદાર ડેટા જે મત કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને જેનું મત કેન્દ્ર તથા કાઉન્ટી ડેટા સર્વર્સ વચ્ચે સંચારણ કરવામાં આવશે તે અદ્યતન એન્ક્રિપ્શન ટેક્નોલૉજિનો ઉપયોગ કરીને એન્ક્રિપ્ટ કરવામાં આવશે. માત્ર મત કેન્દ્ર ખાતેના ચોક્કસ ચૂંટણી સાધનો અને ઉપકરણોને મતદાર ડેટાનો ઍક્સેસ પૂરો પાડવામાં આવશે તથા ડેટા સંચાર થઈ રહ્યો હોય અને સ્થિર હોય ત્યારે એન્ક્રિપ્ટેડ હશે. નિયમિત ડેટા બેકઅપ લેવામાં આવશે, તેમજ પારદર્શિતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વપરાશકર્તા ક્રિયાઓ અને પ્રક્રિયાઓની વિગતવાર ઑડિટ ટ્રેઇલ્સ કરવામાં આવશે.

મત કેન્દ્રો ખાતે પૂર્ણ કરાયેલા મતપત્રોને સ્કેન કરવામાં અને કોઈ નેટવર્ક સાથે ન જોડાયેલા હોય તેવા બૅલટ ટેલિંગ મશીનોનો ઉપયોગ કરીને ટેલિ (ગણતરીનો મેળ બેસાડવો) કરવામાં આવશે. મતપત્ર ડેટાને એન્ક્રિપ્ટ કરવામાં આવશે અને એક કાર્ટ્રિજ, જે ફક્ત તેને મશીનમાંથી ભૌતિક રીતે દૂર કરવામાં આવે તો જ ઍક્સેસ કરી શકાય, તેમાં સેવ

કરવામાં આવશે. દરેક બૅલેટ ટેલિંગ મશીનોમાંની કાર્ટ્રિજને ચૂંટણીના દિવસે મતદાન પૂરું થયા પછી રાત્રે 8:00 વાગ્યે ROV મુખ્ય કચેરી પરત મોકલવામાં આવશે.

પ્રાપ્ત થયેલા મેલ-દ્વારા-મત (VBM) મતપત્રોને ROV મુખ્ય કચેરી ખાતે એકત્ર કરવામાં આવે છે અને ગણતરી કરવામાં આવે ત્યાં સુધી એક સુરક્ષિત મતપત્ર રુમમાં સંગ્રહ કરવામાં આવે છે. મતપત્રોને ગણી શકાય તે પહેલાં, દરેક મતપત્ર એક નોંધણી થયેલા મતદાર તરફથી જ છે તે સુનિશ્ચિત કરવા માટે VBM મતપત્ર પરબિડિયાં પરની સહીઓની ચકાસણી કરવામાં આવે છે. સહીઓની ચકાસણી થઇ જાય પછી, મતપત્રોને બહાર કાઢવામાં આવે છે અને પ્રિસિન્ક્ટ્સ અનુસાર ગોઠવવામાં તથા ગણતરી માટે સુપ્રત કરવામાં આવે છે. મતપત્રોની ગણતરી કર્યા પછી, તેને એક અલગ સુરક્ષિત સ્થળે પ્રિસિંક્ટ વાર સંગ્રહ કરવામાં આવશે.

જો કોઇ કટોકટી સર્જાય જેમાં કર્મચારીએ મતપત્રોને મકાનમાંથી બહાર કાઢવા જરૂરી બને, તો કર્મચારી બૉક્સ અથવા ડબ્બાઓને ને ટેપ મારશે અને તેમને નવા સ્થાને ખસેડશે. જો તેમને મકાનમાંથી બહાર કાઢી ન શકાય, તો મતપત્રોને સુરક્ષિત રુમમાંના એકમાં મૂકવામાં આવશે. ખાલી, જારી કરેલ ન હોય તેવા મતપત્રોને દૂર કરવાનો સમય ન હોય તો તેમને પાછળ છોડી દેવા જોઇએ. જો સમય હોય તો, ROV અથવા તેણે નામિત કરેલ વ્યક્તિ કોરાં, જારી કરેલ ન હોય તેવા મતપત્રોનું શું કરવું તે અંગે કર્મચારીને સલાહ આપશે.

## વિભાગ 6 – બજેટ

મતદારોના રજિસ્ટ્રાર (ROV)એ મત કેન્દ્ર મોડેલ મતદાન પ્રક્રિયા વિશે મતદારોને જાણ કરવા માટે એક બહોળી ગોઠવણ કરવા માટે જરૂરી સંસાધનો માટે બજેટ અને યોજના તૈયાર કરી છે. પોલિંગ પ્લેસ મોડેલ હેઠળ છેલ્લા બે ચૂંટણી ચક્રોમાં, Santa Clara કાઉન્ટીએ મતદાર શિક્ષણ અને આઉટરીચ માટે જાહેરાત સહિત સરેરાશ લગભગ $163,000 ખર્ચ્યાં છે. ROVએ જૂન 2018ની ચૂંટણી માટે આશરે $186,000 ખર્ચ્યાં હતા, જ્યારે નવેમ્બર 2018ની ચૂંટણી માટે અંદાજે $140,000 ખર્ચાયા હતા. જૂનની ચૂંટણી માટે વધુ રકમ ખર્ચાઇ હતી કારણ કે તે વર્ષે જાન્યુઆરીમાં, સમગ્ર વર્ષ માટે જરૂરી તમામ સામગ્રી ખરીદી લેવાઇ હતી. નવેમ્બરની ચૂંટણી માટેની વધારાની સામગ્રીઓ જરૂર પડે તેમ ખરીદવામાં આવી હતી. ઉપરાંત, જૂનની ચૂંટણી માટે આઉટરીચનો સમયગાળો નવેમ્બરની ચૂંટણી માટે જૂનથી નવેમ્બરના આઉટરીચ સમયગાળા કરતાં મોટો હતો. પરિશિષ્ટ Q જૂન 2018 અને નવેમ્બર 2018 ચૂંટણીઓ માટે આઉટરીચ કાર્યક્રમોની વિગતવાર માહિતી પૂરી પાડે છે.

મતદારોની પસંદગી અધિનિયમ (VCA)ના અમલીકરણ સાથે, માર્ચ 2020ની પ્રમુખપદની પ્રાથમિક ચૂંટણી માટે જાહેર જનતાને તેમના નવા મતદાન વિકલ્પો વિશે શિક્ષિત કરવાના પ્રયાસને સહાય કરવા માટે આઉટરીચ અને જાહેરાત માટેનું બજેટ વધીને લગભગ $3 મિલિયન જેટલું થયું. બજેટમાં આપેલા અંદાજામાં આઉટરીચ સાથે સંકળાયેલા કર્મચારીઓને લગતા અને અન્ય ખર્ચાનો સમાવેશ નથી. VCA બજેટની વિગતવાર માહિતીઓ અને છેલ્લી બે ચૂંટણીઓ સાથે સરખામણીઓ નીચેના કોષ્ટકમાં દર્શાવેલી છે:

| પ્રવૃત્તિ | જૂન 2018 ખરેખરા ખર્ચા (પોલિંગ પ્લેસ મોડેલ) | નવેમ્બર 2018 ખરેખરા ખર્ચા (પોલિંગ પ્લેસ મોડેલ) | માર્ચ 2020 બજેટ (મત કેન્દ્ર મોડેલ) |
|---|---|---|---|
| **જાહેરાતનો સરવાળો** | **$165,521** | **$114,754** | **$1,048,900** |
| સમાચારપત્ર જાહેરાતો/રેડિયો સ્પોટ્સ/સોશિયલ મીડિયા/મુદ્રિત જાહેરાતો | $165,521 | $114,754 | $418,900 |
| નવા રેડિયો સ્પોટ્સ | | | $210,000 |
| ખેલકૂદ ફ્રેન્ચાઇઝિસ | | | $420,000 |
| **આઉટરીચ કુલ** | **$20,478** | **$25,359** | **$1,837,015** |
| આઉટરીચ પુરવઠાઓ અને ડિસ્પલે | $3,758 | $3,281 | $97,547 |
| કાર્યક્રમો ખાતે આઉટરીચ ભેટ (સ્વેગ) | $11,611 | $12,436 | $162,513 |
| CBO વહેંચણી માટે આઉટરીચ ભેટ | | | $120,180 |
| આઉટરીચ સાધનો | | | $20,550 |
| કાઉન્ટી મુદ્રિતશોપ/મુદ્રિતેડ સામગ્રીઓ | $5,109 | $9,643 | $100,000 |
| વાહનના ભાડાં અને ઇંધણ | | | $16,225 |
| દરેક નોંધણી થયેલા મતદારને 2 સીધા મેલ | | | $1,320,000 |

હાલમાં અંદાજીત અનુમાનિત ટૂંકા ગાળાની બચત નથી અને અત્યારે લાંબા ગાળાની અનુમાનિત બચતનો અંદાજ પણ જ્ઞાત નથી.